Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી જૈન ધર્મ પ્રકાશ

પુસ્તક ૬૭ મું ] [ અંક ૯ મો

અશાડ

ઇ. સ. ૧૯૫૧ ૫ મી જુલાઈ

વીર સં. ૨૪૭૭ વિ. સં. ૨૦૦૭

પ્રગટકર્તા—

શ્રી જૈન ધર્મ પ્રસારક સભા

ભાવનગર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

બહારગામ માટે બાર અંક ને પોસ્ટેજ સાથે વાર્ષિક લવાજમ રૂા. ૩-૪-૦

પુસ્તક ૬૭ મું
અંક ૯ મો.

અશાડ

વીર સં. ૨૪૭૭
વિ. સં. ૨૦૦૭

# अनुक्रमणिका


| | | |
|---|---|---|
| ૧ | શ્રી સુપાર્શ્વજિન સ્તવન ... ... ( મુનિરાજશ્રી રુચકવિજયજી ) | ૧૭૭ |
| ૨ | સંસ્કૃતિ અને ધર્મ ... ... ( શ્રી જીવરાજભાઇ ઓધવજી દોશી ) | ૧૭૮ |
| ૩ | કોન્ફરન્સનું અઢારમું અધિવેશન...( પ્રમુખ શ્રી કાંતિલાલ ઇશ્વરલાલના પ્રવચનનો સારભાગ ) | ૧૮૪ |
| ૪ | સ્વાગતાધ્યક્ષ શ્રી પુરુષોત્તમદાસ સુરચંદ શાહના પ્રવચનનો સારભાગ | ૧૯૧ |
| ૫ | અઢારમા અધિવેશનના આદેશો | ૧૯૨ |
| ૬ | સત્તરિયા અને તેનું વિવરણાત્મક સાહિત્ય...( શ્રી હીરાલાલ ર. કાપડીયા ) | ૧૯૫ |
| ૭ | શ્રમણસંઘના નિર્ણયો | ટા. પે. ૩ |


## નવા સભાસદ

| | | | |
|---|---|---|---|
| ૧ | શ્રી બાલુભાઇ પ્રેમચંદ શાહ | ભાવનગર | લાઇફ મેમ્બર |


# મંગાવવા લાયક ઉપયોગી પુસ્તકો

| | | | |
|---|---|---|---|
| યોગદૃષ્ટિસમુચ્ચય | ૬-૦-૦ | શ્રી પાર્શ્વનાથ પંચકલ્યાણક પૂજા | ૦-૫-૦ |
| પ્રભાવિક પુરુષો ભાગ ૩ | ૩-૮-૦ | વિવિધ પૂજાસંગ્રહ | ૩-૮-૦ |
| નિત્ય સ્વાધ્યાય સ્તોત્ર સંગ્રહ | ૩-૦-૦ | ,, ,, | ૩-૦-૦ |
| પર્વતિથિ સ્તવનાદિ સમુચ્ચય | ૩-૦-૦ | તત્ત્વાર્થ સૂત્ર-સવિવેચન | ૩-૦-૦ |
| દેવવંદનમાળા | ૨-૪-૦ | વૈરાગ્ય શતક ( ,, ) | ૧-૪-૦ |
| તાત્ત્વિક લેખસંગ્રહ | ૨-૦-૦ | જંબૂસ્વામી ચરિત્ર (પ્રતાકાર) | ૧-૪-૦ |
| આગમોનું દિગ્દર્શન | ૬-૦-૦ | અક્ષય તૃતીયા | ૦-૧૨-૦ |
| પાઇય (પ્રાકૃત) ભાષા અને સાહિત્ય | ૬-૦-૦ | પંચપ્રતિક્રમણ સૂત્ર | ૧-૪-૦ |
| લેખસંગ્રહ ભાગ ૮ મો | ૧-૧-૦ | બે પ્રતિક્રમણ સૂત્ર | ૦-૬-૦ |
| ,, ,, ૯ મો | ૧-૮-૦ | નવ સ્મરણ | ૦-૧૨-૦ |
| પ્રશ્નોત્તરરસધારા | ૦-૮-૦ | | |


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




પુસ્તક ૬૭ મું. અંક ૯ મો | : અશાડ : | વીર સં. ૨૪૭૭ વિ. સં. ૨૦૦૭

# શ્રી સુપાર્શ્વજિન સ્તવન.

( નેમિ જિણેસર નિજ કારજ કર્યું —એ દેશી. )

સપ્તમ જિનવર મનમેળો કરું, મેળો તે શિવ હેતે જી;
તનમેળો કરમેળો વિસરું, જેહથી દુઃખ વિશેષે જી. ॥ ૧ ॥
કાળ ઘણેરો રે કરમેળો કર્યો, તનમેળાને હેતે જી;
કાજ ન સિધ્યો એકે માહરો, વડવ્યાધિ દુઃખ આપે જી. ॥ ૨ ॥
મોટો વ્યાધિ વિષય વિલોકીએ, જો હોય અન્તર આંખો જી;
બીજા વ્યાધિ ચિત્ત ન પેખીએ, જેહ સ્વભાવે રાંકા જી. ॥ ૩ ॥
મનમેળાને અવસર ભાવીએ, જિનવર શમસુખકારો જી;
પૂજા-ભક્તિ ભાવે કીજીએ, મનમેળો બહલાવે જી ॥ ૪ ॥
ધર્મ તે કહીએ મનમેળો હુવે, નિજ સ્વભાવમાં રાખે જી;
પરપરિણતિથી પ્રેમ ન જે લહે, રૂચકવિજય તે સાધે જી. ॥ ૫ ॥

મુનિરાજશ્રી રુચકવિજયજી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# संस्कृति अने धर्म

लेखक—श्री જીવરાજભાઈ ઓધવજી દોશી.

દરેક મહાન્ દેશોને પોતાની સંસ્કૃતિ હોય છે. દેશની મહત્તા જ તે દેશની સંસ્કૃતિની ઐકયતા, વિશુદ્ધતા અને વ્યાપકતા ઉપરથી નક્કી થઈ શકે છે. દેશની સંસ્કૃતિ એટલે તે દેશમાં વસનાર માનવીઓની નીતિમત્તા, ધાર્મિકતા, કલામયતા, પવિત્રતા, સહિષ્ણુતા, શારીરિક માનસિક સશક્તતા આદિ ગુણો. દેશની સંસ્કૃતિ એકાએક ઊભી થતી નથી, તેની પશ્ચાદ્ ભૂમિકામાં દેશના પૂર્વગામિઓનો અખંડ પ્રયત્ન, સંયમ અને સ્વાર્થત્યાગ રહેલા છે. એવા સમર્થ પુરુષોના પ્રયાસથી સંસ્કૃતિ જન્મે છે, વિકસે છે અને વ્યાપક બને છે.

આપણો દેશ–ભારત–આર્યાવર્ત એક મહાન્ દેશ ગણાય છે, કારણ તેની સંસ્કૃતિ અજોડ છે. તેની છાપ જૂદા જૂદા દેશો ઉપર પૂર્વ કાળમાં પડેલ છે. આધુનિક કાળમાં પણ આર્ય સંસ્કૃતિ જીવંત છે અને બીજા દેશોને અપનાવી રહેલ છે. આર્યસંસ્કૃતિનો ઇતિહાસ જોઈએ તો તે અમુક જ કાળમાં ઉત્પન્ન થઇ નથી; અમુક જાતિએ જ ઉત્પન્ન કરેલ નથી, અમુક દેશની જ તેના ઉપર છાપ નથી. પણ જૂદા જૂદા કાળમાં જૂદા જૂદા જાતિઓના સંપર્ક અને સહવાસથી જૂદા જૂદા દેશોમાં વિચરતી આર્ય પ્રજાએ વિકસાવેલ છે. આર્યસંસ્કૃતિના વિકાસનું કારણ આર્યપ્રજામાં રહેલ સહિષ્ણુતા, સમભાવ સ્વભાવ છે. આર્ય પ્રજાએ બીજી પ્રજાઓને પોતાની સંસ્કૃતિનું પાન કરાવેલ છે. બીજી પ્રજાઓ પાસેથી પણ તેઓની સંસ્કૃતિનું પાન કરેલ છે. માણસના શરીર જૂદા જૂદા પ્રકારના ખોરાકોમાંથી યોગ્ય પ્રકારનો રસ લઇ, શરીરમાં પચાવી સશક્ત બુદ્ધિશાળી શરીર બનાવે છે, તેમ જૂદી જૂદી પ્રજાઓના સંસ્કૃતિના રસોવડે આર્ય પ્રજાનું સંસ્કૃતિનું શરીર બન્યું છે. આ સંસ્કૃતિ ઉપર જુદા જુદા કાળમાં અનેક ઝંઝાવાતો પડ્યા છતાં ભારતની સંસ્કૃતિ તેની ઐકયતા સાચવી રાખેલ છે.

સંસ્કૃતિના વિકાસમાં મૂળ ત્રણ તત્ત્વો, મહત્વનો ભાગ ભજવે છે. પહેલો ધર્મ, બીજી ભાષા અને ત્રીજો તે સાચવનાર અને ફેલાવનાર એક સમર્થ વર્ગ, જે વર્ગનું મુખ્ય કામ દેશની સંસ્કૃતિનો અભ્યાસ કરવો, તે સંસ્કૃતિને સાચવવી, તેમાં વધારો કરવો અને બીજા દેશના લોકોમાં તે સંસ્કૃતિનો પ્રચાર કરવો. હિંદુસ્તાનની સંસ્કૃતિને ત્રણે તત્ત્વો પ્રથમથી અનુકૂળ મળ્યા છે. આર્યધર્મ બધા દેશોના ધર્મ કરતાં વિશિષ્ટતા ભોગવે છે. આર્યધર્મ અહિંસા, સત્ય, અપરિગ્રહ, આદિ આત્માના સનાતન ગુણો ઉપર નિર્ભરિત છે. ધર્મમાં અહિંસાને મુખ્ય સ્થાન છે. આર્યાવર્તના જૂદા જૂદા ધર્મોમાં પણ આ સનાતન ગુણો સમાન છે. દરેક ધર્મો–દર્શનો પાંચ મહાવ્રતને માને છે અને પોષે છે. ભલે તેના ક્રિયાકાંડોમાં ફેર હોય, પણ ધ્યેયમાં તો ભેદ નથી.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભારતની સંસ્કૃતિને પોષનાર-વિકસાવનાર બીજું તત્ત્વ ભારતની આર્યભાષા સંસ્કૃત છે. ભારતની તમામ પ્રાંતિયભાષાનું મૂળ સંસ્કૃત ભાષા છે. ભારતનું ઉચ્ચ સાહિત્ય સંસ્કૃતમાં લખાયેલ છે. આખા ભારતના વિદ્વાન્ વર્ગે તે ભાષાને અપનાવેલ છે. ભારતના જૂદા જૂદા પ્રાંતોમાં રહેતા વિદ્વાન્ માણસોએ સંસ્કૃત ભાષાનો અભ્યાસ કરી, વિદ્વાન્ માણસોની એક મુખ્ય ભાષા તરીકે સંસ્કૃતને માન આપેલ છે. સાહિત્યના જૂદા જૂદા ક્ષેત્રો-તત્ત્વજ્ઞાન, કથાશાસ્ત્ર, વ્યાકરણ, છંદ-શાસ્ત્ર, ગણિતશાસ્ત્ર, કાવ્યશાસ્ત્ર, નીતિશાસ્ત્ર, જ્યોતિષશાસ્ત્ર, વૈદકીયશાસ્ત્ર, શિલ્પ-શાસ્ત્ર, સંગીતશાસ્ત્ર આદિ સંસ્કૃતિને પોષનાર દરેક પ્રકારનું સાહિત્ય સંસ્કૃતમાં સર્જાયેલ છે. એટલે સંસ્કૃતિને પોષનાર દેશની એક સર્વમાન્ય ભાષા-સંસ્કૃત ભારતને મળેલ છે.

ત્રીજું સંસ્કૃતિ પોષનાર તત્ત્વ દેશના માનવીઓનો એક વિશિષ્ટ સામુદાયિક વર્ગ-જે વર્ગે પોતાનો આજીવનધર્મ દેશની સંસ્કૃતિની સેવા કરવાનો સ્વીકાર્યો હોય. ભારતની સંસ્કૃતિ પોષનાર એવો વર્ગ ભારતના મૂળ બંધારણમાં જ જોવામાં આવે છે. બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર એવા પ્રકારનો જે વર્ણાશ્રમ માર્ગ તે ભારતમાં પ્રથમથી જોવામાં આવે છે. બ્રાહ્મણ વર્ગ સંસ્કૃતિને પોષનાર વર્ગ છે. બ્રાહ્મણ વર્ગનો જે ધર્મ સ્મૃતિ આદિ ધર્મશાસ્ત્રોમાં બતાવ્યો છે, તે પઠન-પાઠન, ભણવું ભણાવવું, ત્યાગ અને સંયમથી જીવન ગુજારવું અને સંસ્કૃતિની જ્યોત જીવંત રાખવી તે છે. પાછળથી બ્રાહ્મણવર્ગના વ્યવહારમાં વિકૃતિ થયેલ જોવામાં આવે છે. ત્યાગને સ્થાને સ્વાર્થ, સેવાને સ્થાને સેવ્યતા દાખલ થયેલ છે. આનું કારણ 'બ્રાહ્મણ' એટલે બ્રાહ્મણ જાતિમાં-બ્રાહ્મણ કુળમાં જન્મ, બ્રાહ્મણ જાતિમાં જન્મેલો જ બ્રાહ્મણ થઇ શકે, આવી શબ્દની ખોટી વ્યાખ્યા થવાથી તે વર્ગની અવનતિ થયેલ જોવામાં આવેલ છે. બ્રાહ્મણ શબ્દનો તાત્ત્વિક અર્થ તો એ છે કે,-બ્રહ્મને જાણનાર. બ્રહ્મ એટલે પરમ તત્ત્વ-પરમ સત્યને જાણનાર, તે સત્યને પોતાના જીવનમાં ઉતારનાર અને બીજાઓને પોતાના જીવન અને ઉપદેશથી સમજાવનાર. અર્થાત્ બ્રાહ્મણ કુળ જાતિવાચક શબ્દ નથી પણ ગુણવાચક શબ્દ છે. હિંદુસ્તાનનો ઇતિહાસ જોતાં જણાય છે કે-જ્યારે બ્રાહ્મણ શબ્દનો દુરુપયોગ થવા માંડયો, એટલે બ્રાહ્મણ શબ્દનો સાચો અર્થ સમજનાર માણસોએ તે વર્ગનું સ્થાન લીધું. બૌદ્ધધર્મ, જૈનધર્મ આદિ હિંદુસ્તાનના ધર્મોમાં બ્રાહ્મણનું સ્થાન ત્યાગી અને સંયમી વર્ગે લીધું હતું. શ્રમણો મહાબ્રાહ્મણો હતા. તેઓનું આજીવન કર્તવ્ય ધર્મ અને સંસ્કૃતિને પોષવાનું હતું. તે વર્ગમાં જાતિને સ્થાને ગુણને પ્રધાનતા આપવામાં આવી હતી. ઐતિહાસિક કાળ જોતાં આ સંસ્કૃતિને સાચવનાર વિશિષ્ટ વર્ગ કાયમ ભારતમાં રહ્યો છે. દેશ અને કાળને અંગે ભલે તેના નામવિધાનમાં ફેરફાર થયો હોય, ભારતની સંસ્કૃતિ ઉપર તડકા છાંયા આવેલ છે, તેમાં ભરતી ઓટ થયેલ છે, ભારતના સામાન્ય લોકો ઉપર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેનો પ્રભાવ ઓછો વધતો થયો છે, છતાં અઢારમા સૈકા સુધી આ સંસ્કૃતિ મૂળ સ્વરૂપમાં અખંડ રહેલ છે. અઢારમા સૈકામાં એટલે રાજકીય અંધાધુંધીના કાળમાં ભારતની સંસ્કૃતિ અવનતિના છેલ્લે ઓટે આવી હતી. સંસ્કૃતિમાં એકતાને સ્થાને છિન્નભિન્નતા વ્યાપક થયા હતા, સંસ્કૃતિનો પ્રચાર લગભગ બંધ થયો હતો. સમાજમાં ન્યાતજાતના બંધનો વિપુલ થયા હતા. સંસ્કૃતિનો પ્રચાર કરનાર બ્રાહ્મણ વર્ગ અજ્ઞાની અને સ્વાર્થી થયો હતો, તે વર્ગનું સ્થાન લેનાર શ્રમણ વિગેરે સંસ્થામાં પણ અજ્ઞાનતા અને ધર્માંધતા ફેલાણી હતી. ધર્મને નામે અનેક કૌભાંડો ઊભા કરવામાં આવ્યા હતા. અજ્ઞાન પ્રજાનો જેટલો લાભ લેવાય તેટલો લાભ ધર્મગુરુઓએ લીધો હતો. અલબત્ત, જૈન જેવા ધર્મમાં કોઇ કોઈ વિરલા સંયમી તપસ્વી મહાત્માઓ થયા હતા. પણ તેમની સંખ્યા અલ્પ હતી. અને પાખંડીઓ પાસે તેમનો પ્રભાવ ઓછો પડતો હતો. ધીમે ધીમે ભારતના ધર્માચરણમાં જેમ વિકૃતિ થઇ તેમ તેમ સંસ્કૃતિનો પ્રભાવ ઓછો થતો ગયો. અઢારમા સૈકામાં ભારતની સંસ્કૃતિના છેવટના ઓટના સમયમાં–સંસ્કૃત ભાષાનો અભ્યાસ પણ ઓછો થઇ ગયો હતો. સંસ્કૃતમાં મૌલિક સાહિત્ય સર્જવું લગભગ બંધ થયું હતું. વાદ–વિતંડાવાદમાં વિદ્વત્તા સમાઇ ગઇ હતી. સંસ્કૃતિને પોષનાર ધર્માચારમાં વિકૃતિ થઇ સામાન્ય મુખ્ય ભાષા સંસ્કૃત મૃતપ્રાયઃ થઇ અને તે પોષનાર આજીવનધર્મ અને સંસ્કૃતિને પોષવાનો ભેખ લેનાર બ્રાહ્મણ આદિ વર્ગમાં પણ સ્વાર્થ અને અજ્ઞાન દાખલ થયા. આવી ભારતની સંસ્કૃતિના અવનતિના કાળમાં ભારતમાં પાશ્ચિમાત્ય યુરોપીય સંસ્કૃતિનો રાજકારણ સાથે સંપર્ક થયો, બંને સંસ્કૃતિનો સંઘર્ષ થયો. પાશ્ચિમાત્ય સંસ્કૃતિ અને ભારતીય સંસ્કૃતિએ એકબીજાના સંપર્કથી–સહવાસથી કેટલું મેળવ્યું ? કેટલું ગુમાવ્યું ? કેટલું એક બીજાએ પચાવ્યું, તેનો ઇતિહાસ લખવાનું આ સ્થાન નથી, સમય નથી. પણ બંને સંસ્કૃતિએ ઘણું મેળવ્યું છે, ઘણું નકામું ફેંકી દીધું છે અને બંને સંસ્કૃતિ સમૃદ્ધ થયેલ છે તે હકીકત નિર્વિવાદ જોવામાં આવે છે.

જૈનધર્મે ભારતની સંસ્કૃતિને ઘડવામાં, પોષવામાં અને વિકસાવવામાં કેવો ફાળો આપ્યો છે, કેવો ફાળો અત્યારે આપે છે, અને કેવો ફાળો આપવો જરૂરનો છે, તે હકીકતનું ટુંકાણમાં દિગ્દર્શન કરાવવાનું હવે રહે છે.

જૈનધર્મ એક મહાન્ ધર્મ છે, અહિંસા આદિ ધર્મના સનાતન સત્ય ઉપર રચાયેલો છે. તેનું તત્ત્વજ્ઞાન બુદ્ધિને ગ્રાહ્ય એવી જીવ–અજીવ કર્મ આદિ પદાર્થોની તાત્ત્વિક વિચારણા ઉપર નિર્ભર છે. જડવાદને સ્થાને અધ્યાત્મવાદનું જૈનધર્મમાં પ્રાધાન્ય છે. જૈનધર્મનો ચરિતાનુયોગ નીતિવાદ (ethics) અજોડ છે. જૈનધર્મના મૂળભૂત સિદ્ધાંતોમાં વિશ્વધર્મ થવાની બધી શક્યતા છે. વૈદિક સંસ્કૃતિ અને તેના વર્ણાશ્રમ ધર્મમાં વિકાર થવા માંડ્યો, વર્ણાશ્રમી બ્રાહ્મણ વર્ગ પોતાને સર્વોપરી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માનવા લાગ્યો, ક્રિયાકાંડમાં પશુહિંસા આદિ અનાચારો દાખલ થયા, મોક્ષ અને મોક્ષના જ્ઞાન માટે બ્રાહ્મણ સિવાય બીજા વર્ગોને નાલાયક ગણવામાં આવ્યા. આવી ભારતમાં સ્થિતિ ઊભી થઈ, તે વખતે તે સ્થિતિનો સામનો કરતાં જૈન અને બૌદ્ધ ધર્મનો વિસ્તાર થયો, વર્ણમાં જાતિનું સ્થાન ગુણને આપવામાં આવ્યું. બ્રાહ્મણોનું સ્થાન સંયમી-ત્યાગી શ્રમણોએ લીધું. દરેક જીવને શુદ્ધ સ્વરૂપે સમાન માનવામાં આવ્યો, અને દરેકને-પુરુષ તેમજ સ્ત્રીને ધર્મના અધિકારી બનાવ્યા. સ્પૃશ્યાસ્પૃશ્યનો વિરોધ રદ કર્યો. અહિંસા અને અપરિગ્રહને મુખ્ય સ્થાન આપવામાં આવ્યું એટલે મહાન્ ધર્મ તરીકે જૈનધર્મ અને બૌદ્ધધર્મની ગણના થઇ, જૈન સંઘ અને બૌદ્ધ સંઘની રચના થઇ, તેમાં સાધુ-સાધ્વી, શ્રાવક અને શ્રાવિકા વર્ગને યથાયોગ્ય સ્થાન આપવામાં આવ્યું. ગામેગામ પગસંચાર કરી શ્રમણો-ભિક્ષુકો ઉપદેશ માટે ફરવા લાગ્યા. આવો ધર્મ ભારતની સંસ્કૃતિને ઘડે, વિકસાવે, લોકગ્રાહ્ય બનાવે, પ્રજાના તમામ થરોમાં સંચાર કરી પલ્લવિત કરશે તેમાં કાંઇ નવાઈ જેવું નથી.

બૌદ્ધ ધર્મના સંઘમાં પછવાડેથી આચારવિચારની શિથિલતા આવી, તે ધર્મના ભિક્ષુકો વ્યવહારમાં પવિત્રતા ન સાચવી શકયા, ભારત દેશની સંસ્કૃતિ આવા નૈતિક અધઃપતનને સહન કરે નહિ. પરિણામે બૌદ્ધ ધર્મને તેના જન્મ-સ્થાન-ભારતમાંથી દેશવટો મળ્યો, ચીન, જાપાન, બર્મા આદિ અનેક એશિયાના પૂર્વ અને દક્ષિણ-પૂર્વના દેશોમાં તેને સ્થાન મળ્યું. ભારતની સંસ્કૃતિ બૌદ્ધ ધર્મની સાથે દેશાન્તરોમાં પ્રસરી, પણ ભારતની મૂળ શુદ્ધ સંસ્કૃતિમાં ઘણો વિકાર થયો. હાલમાં બૌદ્ધ ધર્મને માનનાર ચીન, જાપાન, બર્મા આદિ દેશોમાં કેવી હિંસક વૃત્તિ ચાલે છે, તેનો અનુભવ થાય છે. ટૂંકામાં બૌદ્ધ ધર્મ સંખ્યાબળમાં વધ્યો, પણ ગુણબળમાં ઘણો ઘટી ગયો.

જૈનધર્મનો ઇતિહાસ બૌદ્ધધર્મના ઇતિહાસથી જૂદો પડે છે. જૈનધર્મ કાળક્રમે સંખ્યામાં ઘટતો ગયો છે, પણ તેના ગુણધર્મમાં એટલો ઘટયો નથી. સમયે સમયે જૈનધર્મમાં યુગપ્રધાન સ્થવિરો ઊભા થયા છે, અને ધર્મમાં દાખલ થયેલ અને દાખલ થતી વિકૃતિનું પ્રમાર્જન કરી તેને શુદ્ધધર્મમાં લાવવા પ્રયત્ન થયો છે. એટલે આજે પણ જૈનધર્મમાં જીવંત શક્તિ, પ્રેરણા શક્તિ રહેલ છે.

જૈન સાહિત્યનો મોટો કિંમતી ભાગ સંસ્કૃત ભાષામાં રચાયેલ છે. જૈન સાહિત્યનો અભ્યાસ કરો તો તેમાં સાહિત્યના સર્વ અંગો રચાયા છે. તત્વજ્ઞાન, કાવ્ય, જ્યોતિષ, ગણિત, સ્થાપત્ય, શિલ્પ, સંગીત, કથા વિગેરે દરેક ક્ષેત્રો જૈનાચાર્યોએ અપનાવ્યા છે. અને સાહિત્યના પુસ્તકો સંસ્કૃત ભાષામાં લખાયા છે, એટલે ભારતની સંસ્કૃતિને પોષનાર સંસ્કૃત ભાષાને જૈન સાહિત્યમાં મુખ્ય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સ્થાન આપવામાં આવેલ છે. ભારતના તમામ પ્રાંતોના વિદ્વાનોને ગમ્ય સાહિત્ય સંસ્કૃતમાં જૈનોએ રચેલ છે.

જ્ઞાન અને સંસ્કૃતિની અખંડ જ્યોત રાખનાર શ્રમણવર્ગ–સાધુવર્ગને જૈન સંઘમાં મુખ્ય સ્થાન અપાયેલ છે. પાંચ મહાવ્રતો પાળવા, પોતે જૂદે જૂદે સ્થળે વિહાર કરવો, કાંઇપણ વસ્તુઓ ઉપર મૂર્ચ્છા ન રાખવી, જે કાંઇ ખાવાનું ભિક્ષાવૃત્તિ કરી મળે તેનાથી શરીરનો નિર્વાહ કરવો, સાધુ સંસ્થામાં પણ જાતિને સ્થાન નહિ, ગુણને સ્થાન. આચાર્યો આદિની પસંદગી તેમના જ્ઞાન વૈરાગ્ય ઉપર, કુળ, જાતિ કે વંશ ઉપર નહિ. આવા અનેક નિયમો જૈન સાધુઓને પાળવાના છે. આવા કઠીન વ્રતો પાળનાર ઘણા સાધુ–રત્નો જૈન સમાજમાં થયા છે જેમણે જૈન ધર્મ, જૈન સંસ્કૃતિ અને તે સાથે ભારતની સંસ્કૃતિને જીવંત રાખી પલ્લવિત કરેલ છે.

પાશ્ચિમાત્ય સંસ્કૃતિનો પૂરો લાભ જૈન ધર્મ અને જૈન સંસ્કૃતિને મળ્યો નથી, તેનું કારણ એ છે કે–જૈન સંસ્કૃતિની જ્યોતને અખંડ રાખનાર જૈન આચાર્યોને પાશ્ચિમાત્ય સંસ્કૃતિને ફેલાવનાર મુખ્ય ભાષા ઇંગ્રેજીનો અભ્યાસ ન હતો. ભારતના બીજા ધર્મોમાં તો સંસ્કૃતિની જ્યોતને જીવંત રાખનાર બ્રાહ્મણ વર્ગનું સ્થાન યુનિવર્સિટી અને કૉલેજમાં અભ્યાસ કરતાં વિદ્વાનોએ લીધું હતું. આ વિદ્વાન વર્ગે ભારતની સંસ્કૃતિને પાશ્ચિમાત્ય સંસ્કૃતિનું અનુપાન કરાવી ભારતની સંસ્કૃતિને સમૃદ્ધ કરી હતી, તે પ્રમાણે ઇંગ્રેજી ભાષામાં મહત્ત્વના ગ્રંથો રચી પાશ્ચિમાત્ય સંસ્કૃતિને સમૃદ્ધ કરી હતી. શ્રી વિવેકાનંદ, સર રાધાકૃષ્ણ જેવા ઇંગ્રેજી ભાષાના નિષ્ણાતોએ એક બીજી સંસ્કૃતિને અપનાવી હતી. જૈનોમાં–ખાસ કરીને શ્વેતાંબર ગૃહસ્થોમાં આવા વિદ્વાનો ઓછા થયા છે, એટલે પાશ્ચિમાત્ય સંસ્કૃતિ અને જૈન સંસ્કૃતિ ઉપર જોઇએ તેટલી છાપ એકબીજાની પડી જોવામાં આવતી નથી.

છેલ્લો સવાલ એ જોવાનો રહે છે કે–હાલના પલટાયેલ સંજોગોમાં જૈન ધર્મે ભારતની સંસ્કૃતિને અનુકૂળ રહેવા શું શું કરવાનું છે. મહાન્ દેશોની સંસ્કૃતિ સમાજમાં મુખ્ય સ્થાન ભોગવે છે. તે સંસ્કૃતિને વિકસાવનાર દેશમાં પ્રવર્તતા ધર્મો છે. ભારતમાં જૂદા જૂદા ધર્મો–સંપ્રદાયો છે. દરેક સંપ્રદાયની માન્યતા–ક્રિયાઓ જૂદા જૂદા પ્રકારની છે. જો દરેક સંપ્રદાયના ક્રિયાકાંડોને વળગી રહેવામાં આવે, તેને જ મુખ્ય સ્થાન આપવામાં આવે, તો સમગ્ર દેશના આચારવિચારમાં ભિન્નતા થઇ જાય, અને દેશની સંસ્કૃતિની એકતામાં ભંગાણ પડે. દરેક ધર્મના આચારવિચારો દેશની મુખ્ય સંસ્કૃતિને પોષક–વર્ધક હોવા જોઇએ, વિઘાતક ન હોવા જોઇએ. દિલરૂબા, સિતાર, તંબૂર આદિ સંગીત ગાવાના યંત્રોમાં જૂદા જૂદા તારો જૂદા જૂદા સૂરો કાઢનાર ગોઠવવામાં આવે છે, પણ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બધા સૂરોની ગોઠવણીમાં સંવાદતા હોય છે, વિસંવાદતા હોતી નથી. જો વિસંવાદતા હોય તો આખું સંગીત બેસૂર થઇ જાય છે. તેવી રીતે દેશની મહાન્ સંસ્કૃતિ અને દેશમાં પ્રવર્તતા જૂદા જૂદા ધર્મોનો સંબંધ હોવો જોઇએ.

દરેક ધર્મવાળા પોતે સાચા અને બીજા બધા ખોટા કહી સમાજમાં કોળાહળ મચાવે તો તે દેશનો ઉદ્ધાર થાય નહિ. Unity in diversity વિધવિધતામાં એકતા એવો જે નિયમ છે, તે નિયમ પ્રમાણે સમાજરચના ઘડાવી જોઇએ. આચારવિચારમાં ભેદ હોય પણ તે ભેદોમાં પણ એકતા–એકતાનપણું નષ્ટ ન થવું જોઇએ. સ્યાદ્વાદ–ભેદાભેદવાદ જે જૈનતત્ત્વજ્ઞાનમાં મૂળભૂત સિદ્ધાંતો છે, તે સિદ્ધાંતોને સંસ્કૃતિ અને ધર્મની વિચારણામાં જૈનોએ મુખ્ય સ્થાન આપવું જોઇએ.

અત્યારે આપણામાં કેટલેક પ્રસંગે અલગતાવાદ પ્રસરતો જોવામાં આવે છે. જૈનો એટલે જાણે ભારતવાસીઓ ન હોઈએ એવો ઉહાપોહ વગર વિચાર્યે કરવામાં આવે છે. અમારે માટે જૂદા કાયદા, અમારી ભારતવાસીઓમાં જૂદી ગણતરી, અમારા ધર્મના ક્રિયાકાંડો માટે રેશન વિગેરેમાં જૂદા નિયમો, આવો અલગતાવાદ પસંદ કરવા જેવો નથી. તે જૈન સમાજને હિતકર્તા નથી. આપણા સમજુ વર્ગે, આચાર્યો તેમજ ગૃહસ્થોએ સ્વતંત્ર ભારતની સમગ્ર સ્થિતિનો વિચાર કરવો જોઇએ. તેને પ્રતિકૂળ થવાને બદલે અનુકૂળ થવા પ્રયત્ન કરવો જોઇએ. અલબત્ત, અહિંસા આદિ મૂળભૂત સિદ્ધાંતનો ભંગ થતો હોય તો તેમાં વિરોધ કરવો એ આપણો ધર્મ છે, પણ તે વિરોધમાં દ્વેષ ન હોવો જોઈએ.

જૈન સમાજ ઉપર જૈન સાધુઓનો મહાન્ પ્રભાવ છે. તેઓ જે ઉપદેશ આપે છે તે શ્રોતાજનો ઘણે ભાગે માન્ય રાખે છે. જૈન સાધુઓના હાથમાં ઉપદેશ આપવા માટે '**વ્યાખ્યાનશાળા**' એક મોટું પ્લેટફોર્મ છે. આવી સ્થિતિમાં જૈન આચાર્યોને માથે જૈન સમાજને સાચે માર્ગે દોરવાની મહાન્ જવાબદારી આવે છે. દેશ અને કાળના સંપર્કમાં રહી સમાજ અને રાષ્ટ્રભાવનાને પોષનાર ઉપદેશ આપવામાં જો ધર્માચાર્યો ગફલત રહેશે, ઉદાસીન બનશે અથવા વિરોધ કરશે તો જૈન સંપ્રદાય અને જૈન સમાજની ભવિષ્યમાં કેવી સ્થિતિ થશે? કેટલી ગણના રહેશે? રાજકારણમાં કેવો અવાજ રહેશે? તે સમગ્ર બાબતનો વિચાર આપણા આચાર્યોએ અને સમજુ ગૃહસ્થોએ કરવાનો છે. અત્યારે તો એવી જવાબદારી સમજનાર અને સમજીને જાહેરમાં સ્પષ્ટ શબ્દોમાં નિર્ભયપણે કહેનારની સંખ્યા ઘણી અલ્પ જણાય છે, જે હકીકત શોચનીય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# કોન્ફરન્સનું અઢારમું અધિવેશન

[ તા. ૨૭-૫-૫૧ ના રોજ જુનાગઢ મુકામે મળેલ કોન્ફરન્સના અઢારમા અધિવેશનના પ્રમુખસ્થાનેથી રા. બ. કાન્તિલાલ ઇશ્વરલાલે આપેલ ભાષણનો સારભાગ ]

લગભગ સવા વર્ષના ગાળા પછી ફરી એક વખત શાસનદેવની કૃપાથી આપણે એકત્રિત થઇ શકયા છીએ. સૌરાષ્ટ્રવાસી બંધુઓની ઉચ્ચ લાગણી, પ્રેમ અને સમાજ પ્રત્યેની ધગશ આપણે સર્વેને આ પવિત્ર ભૂમિમાં ખેંચી લાવી છે. પરમ ઉપકારી ભગવાન શ્રી નેમનાથ અને મહાદેવી રાજુલની નિર્વાણભૂમિ કે જ્યાં પરમત્યાગ અને અખંડ ચારિત્ર્યનું ભાન ગિરનારના લોખંડી પર્વતનો એકેએક પત્થર આપણને કરાવે છે, તે મહાન અને પવિત્ર ભૂમિ પર આ ક્રાંતિકાળના યુગમાં, જૈન સમાજના ઉત્થાન માટે આપણે દીર્ઘદૃષ્ટિ-ભર્યા વિચારો કરી યોજના કરી શકીશું તેમાં મને શક નથી.

મૈત્રી, પ્રમોદ, માધ્યસ્થ ને કરુણા-એ ચાર ભાવનાઓની મર્યાદામાં રહીને આપણું જીવન જીવવાનું આપણને શાસ્ત્રીય ફરમાન છે. અને આ વીરો અને વીરાંગનાઓના જીવનમાંથી તે જ પ્રેરણા લેવાની છે. જૈન ધર્મમાં મતભેદને સ્થાન નથી. એમાં અપેક્ષા સમજવાની સ્યાદ્વાદ શૈલી છે. એ ધર્મના અનુયાયીઓ સાથે ન બેસી શકે તો આપણો સ્યાદ્વાદ ધર્મ લાજે. જૈન ધર્મના સ્યાદ્વાદની ફિલોસોફીનો અર્થ એ છે કે-એક પદાર્થને અનેક દૃષ્ટિબિંદુઓથી જોઇ શકાય. પ્રત્યેક જીવાત્મા તે ભિન્ન ભિન્ન વ્યકિત છે. તેનામાં સંસ્કારની રુચિ અને પરંપરાની કેળવણીની ભિન્નતા છે. આ વિચારણા ખ્યાલમાં રાખી સામા માણસની દૃષ્ટિ સમજવા જેટલી ઉદારતા કેળવીને સુધારવા માટે પ્રયત્ન કરીએ તો તેને વાત બરાબર સમજાય અને જગતમાં સાચો પ્રેમ, શાંતિ અને અભેદનીતિ પ્રવર્તે અને ભગવાન શ્રી મહાવીરના સાચા અનુયાયીઓ થવાને આપણે વધારે અધિકારી બનીએ.

આવા પરમ ઉપકારી વીરો અને વીરાંગનાઓના આપણે વારસદાર છીએ. એ જવાબદારી જેટલે અંશે આપણે સમજી શકશું તેટલે અંશે જૈનધર્મને આ કળિકાળમાં આપણે ટકાવી શકીશું. જૈન ધર્મના અનુયાયીની જવાબદારી હું વિશેષ સમજું છું. જૈન ધર્મના અનુયાયીની ફરજ પોતાની અને પરની મુકિત સાધવી તે હોઇ શકે. અહિંસા અને સ્યાદ્વાદનો જે મહાન વારસો આપણને મળ્યો છે તેને આ જગત સમક્ષ સાચા સ્વરૂપમાં રજૂ કરવાની આપણી સૌથી મોટી ફરજ છે.

છેલ્લાં વિશ્વયુદ્ધનું એવું તો કારમું સ્વરૂપ આપણે જોયું કે અહિંસાનું નામનિશાન પણ હંમેશ માટે જોખમાય તેવી ભીતિ આપણને હજુયે યાદ આવે છે અને હાલના જગતના સંયોગો પણ એવા ઉપસ્થિત થવા માંડયા છે કે તેમાં હિંસા તેનું જે કારમું સ્વરૂપ પ્રકટાવશે તેનો ખ્યાલ કરતાં ય કંપારી છૂટે છે. જગતના આવા કપરા સંયોગોમાં ફક્ત જૈન ધર્મ જ સાચો માર્ગ દાખવી શકે પણ આજે આપણી પાસે એવી કોઇ વ્યવસ્થિત સંસ્થા, શકિત કે યોજના નથી કે ભગવાન શ્રી મહાવીરની અહિંસા ને સ્યાદ્વાદ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નો પ્રચાર ખૂણે ખૂણે કરી શકીએ, જેના પરિણામે સામાજિક, રાષ્ટ્રિય, આર્થિક કે જાતીય વિગ્રહના અનેક કારણો સ્વતઃ ઓછા અથવા નાબૂદ થઈ જાય અને એને સ્થાને વિશ્વમૈત્રી ભાવનાનો પુનર્જન્મ થાય.

રાષ્ટ્રના એવા ક્રાંતિકાળમાં આપણે એકત્રિત થયા છીએ કે આ અધિવેશન મારી સમજ મુજબ કોન્ફરન્સના ઇતિહાસમાં જૈન સમાજમાં નવા આંદોલનો પ્રકટાવી નવું બળ અને પ્રેરણા આપે. મારી પરમાત્મા પ્રત્યે પ્રાર્થના છે કે–અમો સીધા માર્ગે દોરવાઇએ અને આ કટોકટીના કાળમાં દરિદ્રતાથી ઘેરાતા આપણા નેવું ટકા સ્વધર્મી બંધુઓ માટે યોગ્ય વિચારણાઓ કરી માર્ગ કાઢીએ.

રાષ્ટ્રની દરેક મુશ્કેલી એ આપણી અંગત મુશ્કેલી છે અને તે ટાળવા આપણી વ્યક્તિગત જવાબદારી એક ધર્મના ભાગ તરીકે જ્યારે સમજતાં થઇશું ત્યારે આ દરેક મુશ્કેલીઓ આપણને નાના રૂપમાં દેખાશે અને તેનો અંત આવશે. સ્વતંત્ર દેશના શહેરી તરીકેનું આપણું પહેલું કર્તવ્ય આપણા વ્યકિતગતપણાને હંમેશને માટે ભૂલી જઇ આખા દેશ સાથે આત્માને જોડી દઇએ તે હોઇ શકે.

## આપણી ચાલુ પરિસ્થિતિ.

ગૃહસ્થો ! દેશની ચાલુ પરિસ્થિતિ અને જગત જે ક્રાન્તિકાળમાંથી પસાર થઇ રહ્યું છે તેના અંગે ટૂંકમાં વિવેચન મેં આપ સમક્ષ રજૂ કર્યું. જૈન સમાજ પણ રાષ્ટ્રનું એક અંગ છે એટલે રાષ્ટ્રના સુખ કે દુઃખની અસર તેમાં થયા વગર રહે નહિ. જૈન કોમ મુખ્યત્વે વેપારી કોમ હોઇ તેની નાણાંકીય સ્થિતિ વિશેષ પ્રમાણમાં કઢંગી બનતી જાય છે. સમાજના પાંચદસ ટકા શ્રીમંત ગણાતા કુટુંબોથી સમાજની સાચી પરિસ્થિતિનો આંક કાઢી ન શકાય. લગભગ નેવુંથી વધુ ટકાનો આપણો વર્ગ એવી તો કઢંગી હાલતમાં મુકાઇ ગયો છે કે તેને આવતી કાલનો દિવસ શી રીતે પસાર કરવો તે ચિંતાની વેદનામાં રાત પસાર કરવી પડે છે. જ્યારે જગત વ્યક્તિગત હિતમાંથી સમષ્ટિવાદના હિત તરફ ઢળતા જવાના પ્રયત્નો શરૂ કરે એવા સમયે આપણા સમાજના સંસ્કારરૂપ ગણાતા, સૌથી બુદ્ધિશાલી અને મહત્વના આ વર્ગની સ્થિતિનો જો આપણે યોગ્ય માર્ગ ન કાઢીએ તો આપને નથી લાગતું કે જૈન સમાજ થોડા જ વર્ષના ગાળા બાદ લગભગ મૃતપ્રાય સ્થિતિમાં આવી પડે ? જે સમાજનો નેવું ટકા વર્ગ આવતી કાલની ચિંતા સેવતો હોય અને આર્ત્ત તથા રૌદ્ર ધ્યાન ધરીને ધર્મ અને શુકલધ્યાનથી વંચિત રહેતો હોય તેને યોગ્ય માર્ગે વાળવા આપણી ધાર્મિક ફરજ ખરી કે નહિં ?

ગઇ સાલમાં ફાલના અધિવેશનમાં આપણે આપણી મહાસભાનો પાયો સુદૃઢ કર્યો. આ સવા વર્ષના ગાળા દરમ્યાન આપણી મહાસભામાં પ્રાણ પૂરવા તેના કાર્યકરોએ ઠીક શ્રમ લીધો. લગભગ આખા દેશમાં કોન્ફરન્સના કાર્યના પ્રચાર અર્થે અવિશ્રાન્ત શ્રમ લઇ કાર્યકરોએ જે સેવા આપી છે તે નોંધને પાત્ર છે. આખા દેશમાં લગભગ જુદે જુદે ત્રીશ જેટલા સ્થળોએ આ વર્ષ દરમ્યાન આપણે રાહત કેન્દ્રો ખોલી શકયા છીએ. આપણી આ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ટૂંકા ગાળાની યોજનાનો જેમ બને તેમ વિસ્તૃત લાભ લેવાય તે માટે કાર્યકરોએ દરેક પ્રાંતમાં પ્રવાસ ખેડી ભારે શ્રમ લીધો છે. આવતા વર્ષે આ યોજનાનો લાભ ખૂબ વિસ્તૃત રીતે લેવાશે તેવા ચિહ્નો જણાય છે. કૉન્ફરન્સની ટૂંકા ગાળાની આ યોજના કેટલાક ભાઇઓને ઓછી ગમી છે અને કેટલાક ભાઇઓને આમાં શિથિલતા દેખાય છે. પણ આપણી મહાસભાની એક વર્ષ પહેલાંની અસ્તવ્યસ્ત સ્થિતિને જો યાદ કરીએ તો એક જ વર્ષમાં આપણું આ કાર્ય ઓછું નહિં ગણાય, છતાં કોઈ પણ ભાઇ આ યોજનામાં વ્યવહારિક દૃષ્ટિથી થઇ શકે તેવો સુધારાવધારો આપણી કાર્યવાહક સમિતિને જણાવશે તો જરૂર તેનો યોગ્ય અમલ કરશું. સંઘ અનેક શક્તિઓથી ભરપૂર છે તેનો લાભ લેવા તમારી સમિતિ ખૂબ માનપૂર્વક આતુર હોઈ શકે.

આપણી ટૂંકા ગાળાની ત્રણ યોજનાઓમાં ગૃહઉદ્યોગોનો સમાવેશ થાય છે. તેમાં ખાસ તો સ્ત્રી ઉદ્યોગશાળાઓ ખોલવા ઉપર આ યોજના અંગે નીમાયેલ સમિતિ ખૂબ લક્ષ્ય આપે છે. આવી એક સ્ત્રી ઉદ્યોગશાળા ચલાવવા માટે વાર્ષિક ફક્ત એક હજાર રૂપિયાનું ખર્ચ થાય છે. બે વર્ષ બરાબર નિયમિત રીતે આવી ઉદ્યોગશાળા ચાલે તો તેમાંની લગભગ અડધી બહેનો પોતાના કપડાં તૈયાર કરી શકે એટલું જ નહિ પણ થોડી રોજી મેળવવા જેટલી શક્તિશાળી થઇ શકે.

આ ટૂંકા ગાળાની યોજનાના બીજા વિભાગમાં આખા દેશનો કોઇ પણ જૈન વિદ્યાર્થી કે વિદ્યાર્થીની ( મેટ્રિક સુધી ભણતાં ) સ્કૂલ ફી કે પુસ્તકો ખરીદી ન શકવા ખાતર અભ્યાસ ન છોડી દે તે માટે નાણાની જોગવાઇ કરવાનું કૉન્ફરન્સે માથે લીધું છે. માસિક સો બસો કમાતા વર્ગના બહોળા કુટુંબને માટે આ યોજના ખૂબ ઉપયોગી થઇ શકે તેમ છે. અને ત્રીજી યોજના પડતર ભાવે કે જરૂરીયાતવાળા કુટુંબોને પચાસથી પચીસ ટકા ઓછે જીવનની જરૂરીયાતો પૂરી પાડવા માટે સ્ટોર્સો ખોલવાની છે. ટૂંકા ગાળાની આ ત્રણ યોજનાઓનો જેટલો વિસ્તારથી લાભ લેવાય તે માટે આપણી મહાસભાના કાર્યકરોએ પ્રચાર અર્થે આખા દેશમાં વર્ષ દરમ્યાન અવિશ્રાંત પ્રવાસ ખેડ્યો છે.

જેસલમેરના જ્ઞાનભંડારના જીર્ણોદ્ધાર અંગે પૂજ્ય મુનિમહારાજશ્રી પુણ્યવિજયજી મહારાજે જે ભગીરથ પ્રયત્ન આદર્યો છે તે શુભ કાર્યમાં કૉન્ફરન્સ ભાગીદાર બની શકી તે આપણા ઇતિહાસમાં હંમેશ માટે યાદગાર પ્રસંગ લેખાશે.

છેલ્લાં ત્રણ વર્ષથી આપણું રાષ્ટ્ર સ્વતંત્ર થયું છે. આપણે સ્વતંત્ર રાષ્ટ્રના શહેરી બન્યા છીએ, એટલે આપણી જવાબદારી આપણે ત્યાં અને જગતમાં વધી છે. ફાલના અધિવેશનના મારા વક્તવ્યમાં મેં કહ્યું હતું તેમ બ્રિટીશ સરકારે આપણને એવું તો જીર્ણ કરીને વસ્ત્ર આપ્યું છે કે તેને એક જગ્યાએ સાંધતાં બીજે તૂટે છે. છેલ્લા ત્રણ વર્ષના ગાળામાં અનેક મુશ્કેલીઓ અને ગૂંચો વચ્ચે આપણો દેશ પસાર થતો જાય છે, વેપારની સ્થિતિ દિનપ્રતિદિન એટલી તો બગડતી જાય છે કે દેશની નાણાકીય સ્થિતિ તદ્દન કફોડી હાલતમાં આવી પડી છે. નવા વિશ્વ-યુદ્ધના ભણકારાઓ જોશભેર સંભળાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અને તે માટે આવતા યુદ્ધની પરિસ્થિતિને પહોંચી વળવા દરેક દેશ દરેક ચીજોનો આંખ-મીંચીને સંગ્રહ કરતો જાય છે. આના લીધે જીવનની જરૂરીયાતની ચીજોની મોંઘવારીમાં અસહ્ય વધારો થતો જાય છે. દેશના વહીવટી ખાતામાં જે કાર્યકરો ગોઠવાયા છે તેમાંનો મોટો ભાગ બીનઅનુભવી અને દેશદાઝ વિનાનો પુરવાર થતો જાય છે. મોટી મોટી યોજનાઓ પાછળ લખલૂટ ખર્ચ થવા છતાં તેનું પરિણામ શૂન્ય જેવું દેખાય છે. અને તેને લીધે પ્રજાનો અસંતોષ દિનપ્રતિદિન વધતો જાય છે. વેપારી વર્ગ તરફથી પણ રાજ્યને જે જાતનો સહકાર મળવો જોઇએ તે પણ અપાતો નથી. સેંકડો વર્ષમાં દેશ ગુલામી તંત્ર હેઠળ હોવાથી આપણી માનસિક વૃત્તિ રાષ્ટ્રવાદના માનસને પીછાનવા તદ્દન બુઠ્ઠી થઇ ગઇ છે. રાજ્ય અને પ્રજાને જાણે કાંઇ સંબંધ જ ન હોય તેવું બેદરકારીભર્યું વલણ આપણે દાખવી રહ્યા છીએ. આવી પરિસ્થિતિમાં આપણી સ્વતંત્રતાને આપણે કેવી રીતે પચાવીને નભાવી શકશું ?

આપને નથી લાગતું કે સમાજની અને દેશીની નાણાંની અસારની તંગ હાલતમાં પણ આપણે કેટલા ખર્ચો વધુ પડતા કરી રહ્યા છીએ ? જૈન કોમ નાણાંશાસ્ત્રી હોવાનો દાવો કરે છે તે જ કોમ પોતાના ઘરઆંગણાનું અર્થશાસ્ત્ર ન સમજતી હોય તે કેટલી દુઃખદાયક બીના છે. આપણો સુખી અને શ્રદ્ધાળુ ગણાતો વર્ગ આપણા નેવું ટકા વર્ગનું દયાપાત્ર ચિત્ર નજર સમક્ષ નહિ રાખે તો હું તો નજરે જોઈ રહ્યો છું કે આપણી વસ્તીના મોટા ભાગને આ મહાન્ ધર્મનો ત્યાગ કરવા સુધીની કદાચ ફરજ પડે પણ હવે આપણા માટે એક જ માર્ગ છે કે આપણી દરેક શક્તિને સાચવતાં શીખીએ, તેનો સંગ્રહ કરીએ અને ખૂબ વિચાર અને વિવેકપૂર્વક શ્રાવક અને શ્રાવિકા વર્ગને ટકાવવાની યોજના પાછળ તે શક્તિનો ઉપયોગ કરીએ.

હું કહું છું કે—આપણા નેવું ટકા વર્ગની સ્થિતિનું ચિત્ર સમાજે હરહમેશ નજર સમક્ષ રાખવા જેવું છે—જેથી આપણી શકિત ખર્ચતાં સમાજની સાચી સ્થિતિનો ખ્યાલ આપણી નજર સમક્ષ હોય તો આપણા બે મહાન્ શ્રાવક અને શ્રાવિકા ક્ષેત્ર તરફ આપણી શકિતને વાળી શકીએ. આ પરિસ્થિતિ અંગે આપણી એક દિવસની આળસ કે બેદરકારી સમાજ માટે શ્રાપરૂપ ગણાય તેવી છે. હું શ્રાવક અને શ્રાવિકા ક્ષેત્રને મજબૂત બનાવવાની બાબતમાં આટલો ભાર મૂકી રહ્યો છું તે પાછળનો મૂળ આશય જૈન શાસનને સમૃદ્ધ બનાવવાનો રહેલો છે. આપણા નેવું ટકા વર્ગ માટે આપણે લાંબા ગાળાની યોજનાઓ જો ઘડવી હોય અને તેને બરાબર અમલમાં મૂકવી હોય તો તે માટે ઓછામાં ઓછા પાંચ વર્ષ સુધી આપણું માનસ મુખ્યત્વે કરીને આ ક્ષેત્રો ઉપર કેન્દ્રિત કરવાની જરૂર છે.

ઓછામાં ઓછા પાંચ વર્ષ સુધી આખો દાનનો ચીલો આપણે બદલાવીએ, દરેક શ્રીમંત કે શ્રદ્ધાળુ વર્ગ એમ મનમાં નિશ્ચય કરે કે પોતાના દાનની લગભગ પોણી રકમ પાંચ વર્ષ સુધી શ્રાવક ને શ્રાવિકા ક્ષેત્રને મજબૂત બનાવવામાં ખરચવાની પોતાની ધાર્મિક ફરજ સમજે. શ્રાવક શ્રાવિકા ક્ષેત્રને મજબૂત બનાવવું તેને હું આજનો યુગધર્મ માનું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છું. અને એ યુગધર્મને જો હું પ
મારા પર આળ ચડાવે કે જ્યારે જૈન
પીડલ વગાડતો હતો. જ્યારે જવા
હૃદયની સાચી હકીકત જો આપ
બીનવફાદાર થયેલો ગણાઉં.

આપણો પૂજ્ય મુનિવર્ગ ને
શ્રદ્ધાળુ વર્ગને તે જ સલાહ આ
ને સાતે ક્ષેત્રના પ્રાણવાયુરૂપ ગ
જોઇએ. આ વિનંતિ હું આપણ
ના સારા નસીબે આપણો પૂજ્ય
રહ્યો છે. અને આ કાળમાં ચા
સમજતું થયું છે. ઉપરાંત એમન
હિત મનથી ઝીલી રહ્યું છે કે
મન સાચા મોતીના દાણાની તુ

હું ખૂબ નમ્રપણે આપણ
ણીથી વિનંતિ કરું છું કે—અ
ઉદ્ધારની વાત આપના અપૂર્વ
વર્ષમાં આ વર્ગ જ્યારે પગભર
તેવો આપણા સર્વને વિશ્વાસ હે

વ્યવહારિક કે સામાજિક
પૂરતું જ ખર્ચ કરવાની જૈન સ
આનંદપૂર્વક ઉજવવામાં હું માન
શકાય છે. મેં પણ મારા અંગત
પણ આજે સમાજ પર આપત્તિ
અને ખપ પૂરતું જ ખર્ચ કરવા

ગૃહસ્થો! ઉપરની હકીકતો
થી જ મેં રજૂ કરી છે. આપણે
વાળવાનું જૈન શાસનને સમૃદ્ધ ખ
આ હકીકતો ઉપર આપ ખૂબ શા
સમાજની નાણાંકીય સ્થિતિ કેટલી
ચારેક માસ પહેલાં મુંબઇમાં સબળ
આવેલી. સમાજની નાણાંકીય કઢંગી
ખર્ચમાં પણ મોટો ટોટો જણાવા માં
શેઠ નગીનદાસ કરમચંદના અધ્યક્ષપણા

ી ન શકું તો મને ભય છે કે ભવિષ્યની પ્રજા
સાજ ભડકે બળતો હતો તે વખતે કોન્ફરન્સનો પ્રમુખ
ી આખા સમાજની મારા પર મૂકી છે ત્યારે મારા
રજૂ ન કરું તો તમને અને ભાવી પ્રજાને હું

વ્યાખ્યાન-સમયમાંથી અડધો સમય શ્રીમંત અને
તેમના દાનનો પ્રવાહ સમાજના ઉપયોગી ગણાતા
શ્રાવક અને શ્રાવિકા ક્ષેત્રને મજબૂત કરવામાં વાળવો
મુનિવર્ગને એટલા માટે કરી રહ્યો છું કે સમાજ-
ર્ગ ખૂબ ઉચ્ચ ચારિત્ર્યને આ કલિકાળમાં ટકાવી
વધારે કિંમત બીજા કશાની નથી તેવું જગત
ત્ર વેષની છાયા પણ જૈન સમાજ એટલા આહ્લા-
મહાન્ ત્યાગી વર્ગનો એકએક બોલ જૈન સમાજને

અને પવિત્ર મુનિવર્ગને અંતઃકરણની ઊંડી લાગ-
તેવું ટકા વર્ગનો ઉદ્ધાર આપના હાથમાં છે. તેના
તબળ આગળ તદ્દન નાની બાબત છે અને થોડા
ારે શાસનને દિપાવવામાં પાછી પાની નહિ કરે
જ.

પાંચ વર્ષ સુધી સંપૂર્ણ સાદાઇથી અને ફક્ત ખપ
તિજ્ઞા લેવાની જરૂર છે. જાહેર ઉત્સવોને ખૂબ
છું. તેનાથી જીવનમાં અનેક જાતની પ્રેરણાઓ મેળવી
માં કેટલાય ઉત્સવો ખૂબ ઉલ્લાસપૂર્વક ઉજવ્યા છે
થઇ રહ્યો છે એટલે ખૂબ દુઃખી હૃદયે સાદાઇ
સલાહ હું આપ સમક્ષ રજૂ કરી રહ્યો છું.

ક શ્રાવિકા ક્ષેત્રને મજબૂત બનાવવાના શુદ્ધ આશય-
મો દાન-પ્રવાહ થોડાંક જ વર્ષ માટે આ તરફ
ની શુભ ભાવનાથી હું કહી રહ્યો છું, એટલે મારી
અને તટસ્થ ચિત્તથી વિચારણા ને મનન કરજો.
બનતી જાય છે તેનું એક નાનું ઉદાહરણ આપું.
રાસરોના ટ્રસ્ટીઓની એક સભા બોલાવવામાં
ની સ્થિતિના અંગે આપણા દેરાસરના વહિવટી
છે તેથી સમયને ઓળખી આ સભાએ સંઘની
ળ દરેક ઘીની બોલી પર સવા રૂપીયાનો સુર-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ચાર્જ લેવાની વિચારણા સર્વાનુમતે કરેલી. સવેળાએ આ દીર્ઘદ્રષ્ટિવાળી વિચારણા માટે હું શેઠ નગીનદાસ અને સભામાં મળેલ સર્વ વ્યક્તિઓને અભિનંદન આપું છું. હું આશા રાખું છું કે આ મુજબની વિચારણા દેશના આપણા દરેક મંદિરોના ટ્રસ્ટીઓ જલ્દીથી કરે અને તેને અમલી બનાવે જેથી સંઘ દેવદ્રવ્યના દેવાના દોષમાંથી મુક્ત રહે. શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીએ પણ આવી વિચારણા જરાપણ સમય ગુમાવ્યા વિના જલ્દીથી કરવા જેવી છે. આપણી આ પેઢીનો વહીવટ સૌથી મોટો હોવાથી જેટલો વહેલો આ ઠરાવ જો તેના તરફથી કરવામાં આવે તો વધુ લાભ તેને એટલે સકળસંઘને થવા બરાબર છે. આનાથી વધારે વ્યવહારુ માર્ગ સમાજની નાણાંકીય સ્થિતિ જોતાં હવે બીજો રહ્યો નથી.

ધાર્મિક ખાતાઓમાં જ્યાં આવી પરિસ્થિતિ ઉત્પન્ન થઇ છે ત્યારે આપણી સામાજિક કે કેળવણીની સંસ્થાઓની શું વલે થતી હશે તેનો વિચાર કરનાર આપણે ત્યાં કમનસીબે બહુ ઓછો વર્ગ છે. આજે આપણી કેળવણીની એક પણ સંસ્થા એવી નહિ હોય કે જેના બે પાસા વર્ષની આખરે સરખા થતાં હોય. જે સંસ્થાઓ ઉપર ભાવિ પ્રજાના વિકાસનો સંપૂર્ણ આધાર છે અને જે ભાવિ પ્રજા ઉપર આખા શાસનનો આધાર છે તેને નભાવતી સંસ્થાઓને માટે કોઇ ફરજિયાત આવકનો માર્ગ શોધી આપે તો ભાવિ પ્રજા પર કેટલો મોટો ઉપકાર થયેલ ગણાય ?

બે બોલ હું આપણા યુવક વર્ગ અને સ્વયંસેવક બંધુઓને કહું. તમો બંને વર્ગોએ સેવાધર્મને જીવનમાં અપનાવ્યો છે. જૈન સમાજની સેવાની તકનો આ ઐતિહાસિક પ્રસંગ છે. રાષ્ટ્રને સ્વતંત્ર બનાવવામાં તમોએ કોંગ્રેસને પડખે રહી જેલો ભરી દીધી, અનેક યાતનાઓ સહન કરી, દેશને સ્વતંત્ર બનાવ્યો. હવે તે સ્વતંત્રતા પચાવી અને નભાવવી એ બોજો પણ તમારે શિરે છે. રાષ્ટ્ર આજે અનેક મુશ્કેલીઓમાંથી પસાર થઇ રહ્યું છે.અને આગળ જણાવ્યા પ્રમાણે જૈન સમાજ પણ રાષ્ટ્રનું એક અંગ છે એટલે તેની સ્થિતિ પણ તદ્દન કફોડી હાલતમાં મુકાઇ છે. આવી પરિસ્થિતિમાં યુવકો અને સ્વયંસેવક બંધુઓ સમાજને કઇ રીતે સેવારૂપ થઈ શકે ? મારી તો તમને આટલી જ વિનંતિ છે કે ગામે-ગામ ફરી જૈન જનતાને શકિતનો સંચય કરાવી આપણા બે મહાન્ ક્ષેત્રોને મજબૂત બનાવવા લોકમત કેળવો. સ્વયંસેવક બંધુઓ તમને બોલાવવામાં આવે તેવી સભામાં, સરઘસોમાં ને ઉત્સવોમાં થોડાં વર્ષ માટે તદ્દન સાદાઇને ખપપૂરતું ખર્ચ કરવાના પેમ્ફ-લેટો વ્હેંચે. અને નાની પુસ્તિકાઓ કોઇ સારા લેખકો પાસે લખાવી જાહેર જનતામાં આનો પ્રચાર કરે અને યુવક વર્ગ આપણા વ્યવહારિક ઉત્સવોને સાદાઇથી ઉજવવા નમ્રતાપુર્વક વિનવે. આ બંને ક્ષેત્રોને મજબૂત બનાવવાનો મહામંત્ર ગજાવો. આ યુગનો ધર્મ એને જ ગણો, એને જ જૈન શાસનની સમૃદ્ધિ ગણો અને એને જ માટે જીવો અને એને જ માટે મરો.

આવી ટૂંકા કે લાંબા ગાળાની યોજનાઓ આપણે હાથ ધરીએ, છતાં એક હકીકત

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉપર હું સર્વેનું લક્ષ ખેંચું છું કે નિર્વાસીત બંધુઓ અને બ્હેનો જે પ્રમાણે પોતાની રોજી જાતમહેનતથી મેળવી લે છે તેનું અનુકરણ કરી ગમે તે ધંધો પોતાના નિર્વાહ માટે શરમ રાખ્યા વિના કરવો તેમાં નાનપ નથી. સ્વતંત્ર દેશમાં આળસુપણું તે દેશને એક શાપ સમાન ગણી શકાય. ફાલ્ગુના અધિવેશનના ઉદ્દઘાટન વખતે શ્રીમાન શેઠ કસ્તુરભાઈએ પણ આ હકીકત ઉપર ખૂબ ભાર મૂકયો હતો.

છેલ્લા પંદર વર્ષથી સમાજમાં ઐકય સધાય તે માટે મારાથી બનતો ફાળો મેં આપ્યો છે, છતાં આ સ્થાને રહી દરેકને રાજી રાખવા તે કેટલું દુષ્કર છે તે મારી પેઠે આપ પણ સારી રીતે સમજી શકશો. જરાક વિચારફેર થયો કે એક બીજા સાથે પણ ન બેસી શકીએ તેવું વાતાવરણ ઉત્પન્ન કરવામાં આવે છે. જરાક ઉદાર ભાવથી, સાપેક્ષવાદથી અને દૃષ્ટિ-રાગને દૂર કરી પરસ્પર શાંતિપૂર્વક સમજવાની કોશીશ કરવામાં આવે તો આપણે દરેક એક જ ચીલામાં છીએ તે જણાયા વિના નહી રહે. જે પ્રમુખ તમો ચૂંટો, તેની કહેવાની ભાવના સમજવા જેટલી ઉદારતા રાખવામાં આવે તો તેને કામ કરવાની હોંશમાં વધારો થાય અને ભવિષ્યમાં બીજા પ્રમુખને પણ આવવાનું મન થાય.

આપણે દરેક કોન્ફરંસના આત્મા છીએ. કોન્ફરંસ તો જડ વસ્તુ છે. આપણે વિચાર-પૂર્વક તેમાં ચેતન રેડી તેને પ્રાણુવાન બનાવીએ તો જ મોટા કાર્યો હાથ ધરી શકાય. આપે મને જવાબદારીનું સ્થાન આપ્યું છે; એટલે મારા અંગત વિચારો આપને અનુકૂળ હોય કે ન હોય છતાં મારે સ્પષ્ટતાપૂર્વક જાહેર કરવા જ જોઇએ; નહીં તો હું મારી જાતને છેતરી રહ્યો છું અને તમોએ આપેલ સ્થાનને વફાદાર નથી તેવું મારે માનવું જોઈએ. મારા વિચારોને જો આપ મળતા ન આવતા હો તો આપ જે માર્ગ બતાવશો તે માર્ગે સંઘના એક સેવક તરીકે કાર્ય કરવા હું બંધાયેલ છું.

હું શ્રાવક શ્રાવિકા ક્ષેત્રને મજબૂત બનાવવામાં સંઘની વધુ શકિત ખર્ચવાનું કેમ કહી રહ્યો છું તે તરફ જરા ઊંડાણથી વિચાર કરશો. આપણે આપત્તિકાળમાંથી પસાર થઇ રહ્યા છીએ. આખા દેશની પણ એ જ સ્થિતિ છે. આવી દુઃખદ સ્થિતિનો વિચાર આપણે આજે ન કરીએ તો સમાજનું ભાવી કઇ સ્થિતિએ પહોંચે તે વ્યાપારી કોમને સમજાવવાનું ન હોય. આવી પરિસ્થિતિની વિચારણા આપણી કોન્ફરન્સ દ્વારા જ થઇ શકે તેમ છે. આ સંસ્થા જીવંત, પ્રાણુવાન અને સંગઠિત હોય તો જ આપણે આખા સમા-જનો વિચાર કરી શકીશું અને તે ફરજ અમુક જ વર્ગની નહિ પણ સંઘમાં જુદા જુદા વિચારો ધરાવનાર દરેક વર્ગની એક સરખી છે. દરેકનું અંતિમ ધ્યેય એક જ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સ્વાગતાધ્યક્ષશ્રી પુરુષોત્તમદાસ સુરચંદ શાહના પ્રવચનના સારભાગ

કાળના ઝડપભેર પલટાતા રંગોમાં જ્યારે એવી જરૂર ઉભી થઈ કે મૂર્તિપૂજક જૈન સમાજના અગ્રગણ્ય અને વિચારશીલ પુરુષોએ એકત્ર મળવું જોઇએ અને ધાર્મિક, સામાજિક, આર્થિક તથા રાજકિય અગત્ય ધરાવતા મહત્વના પ્રશ્નો પર મંત્રણા કરીને સમાજને સાચું માર્ગદર્શન આપવું જોઇએ ત્યારે કોન્ફરન્સ હસ્તીમાં આવી. અને અત્યંત ગૌરવ લેવા જેવી વાત એ છે કે ગમે તેવા વિકટ પ્રસંગોમાં પણ તે પોતાના મૂળ ઉદ્દેશને વળગી રહીને પોતાનું કર્તવ્ય બરાબર બજાવતી આવી છે. તેની પ્રેરણાથી જ આપણાં સમાજમાં વ્યવહારિક કેળવણી માટે અતિ જરૂરના એવાં સંખ્યાબંધ છાત્રાલયો, ગુરુકુળો અને વિદ્યાલયો સ્થપાયેલા છે. તથા 'શ્રી જૈન શ્વેતાંબર એજ્યુકેશન બોર્ડ' ધાર્મિક કેળવણીનું સુકાન સંભાળતી સંસ્થા કામ કરતી બનેલી છે.

આપણાં પ્રાચીન સાહિત્યનો ઉદ્ધાર કરવા માટે પણ કોન્ફરન્સે સુંદર પ્રયાસ કરેલો છે. અને તે માટે ખાસ વિદ્વાનોને રોકીને જુદા જુદા ભંડારોમાં પડી રહેલાં બહુમૂલ્ય તથા જીર્ણપ્રાયઃ ગ્રંથોની એક વિસ્તૃત યાદી તૈયાર કરીને ગ્રંથરૂપે બહાર પાડેલી છે.

આપણો સમાજ મોટા ભાગે વ્યાપાર ઉપર નભનારો છે, પણ વ્યાપારની સ્થિતિ દિનપ્રતિદિન બગતી જાય છે. અને આપણો ઘણોખરો વ્યાપાર એક યા બીજા પ્રકારે આપણા હાથમાંથી ઝુંટવાઇ ગયો છે એટલે આપણી સ્થિતિ ઘણી કફોડી બનેલી છે. ખાસ કરીને ગામડામાં વસતાં આપણાં ભાઇઓને આ અંગે ઘણું જ સહન કરવું પડયું છે. દિનપ્રતિદિન વધી રહેલી મોંઘવારીથી જીવનધોરણનો આંકડો એટલે પહોંચ્યો છે કે મધ્યમવર્ગના માણસોએ આ સંયોગોમાં પોતાના કુટુંબનું ભરણપોષણ કઇ રીતે કરવું તે એક ગહન પ્રશ્ન થઇ પડયો છે. તેથી આ દિશામાં આપ બધાના સહકાર અને સહાનુભૂતિની વિશેષ અપેક્ષા રહે છે.

અનેક પ્રશ્નો ઉકેલ માંગી રહ્યા છે અને તે ઉકેલ બનતી ત્વરાએ કરવા જેવો છે તેમ છતાં જૈન સમાજને ટટ્ટાર બનાવવાનો પ્રશ્ન બધાં કરતાં વધારે અગત્યનો છે, કારણ કે એની સંગીનતા ઉપર આપણા કાર્યક્ષેત્રની સંગીનતા ટકેલી છે.

મારા સાધર્મિક બંધુઓને હું કહીશ કે–તમે સમયને ઓળખો. આજે ચારે બાજુ જડવાદનું વિષમ વાતાવરણ દિનપ્રતિદિન વૃદ્ધિ પામતું જાય છે. સમાજમાંથી અને તેમાં પણ જે વર્ગ ઉપર આપણે ભાવી ઉન્નતિની આશા સેવીએ છીએ તે આપણી ઊગતી પ્રજામાંથી તો દિનપ્રતિદિન શ્રદ્ધા ઓસરતી જાય છે, માટે આપણાં સમાજમાં સાચી શ્રદ્ધા દિનપ્રતિદિન વૃદ્ધિ પામે એ લક્ષમાં રાખી તમારા પુત્ર પુત્રીઓને ધાર્મિક અને વ્યવહારિક એમ ઉભય પ્રકારની કેળવણી સારી રીતે આપો. જો ધાર્મિક કેળવણી આપવામાં કસર કરશો કે કચાશ રાખશો તો તમારી ફરજ ચૂકયા જણાશો.

આ ઉપરાંત એક તરફ હું આપનું લક્ષ દોરીશ. અત્યારના પલટાતા રાજકીય સંયોગોમાં જૈન સમાજનું ગૌરવવંતું સ્થાન જાળવી રાખવા આપણે તત્પર થવું જોઇએ. જો સમાજ રાજકારણમાં ભાગ લેવાની પ્રવૃત્તિ ચાલુ રાખશે તો આપણાં અનેક ધાર્મિક અને સામાજિક હિતોની રક્ષા સરળતાથી કરી શકાશે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# કૉન્ફરન્સના અઢારમા અધિવેશનના આદેશો

### ઠરાવ ૧

**શોક પ્રસ્તાવ**—( ૧ ) પૂજ્યપાદ આચાર્ય મહારાજ શ્રી સાગરાનંદસૂરીશ્વરજી મહારાજ સાહેબ, આચાર્ય મહારાજ શ્રી માણિક્યસિંહસૂરીશ્વરજી મહારાજ સાહેબ, આચાર્ય મહારાજ શ્રી વિજયવિદ્યાસૂરીશ્વરજી મહારાજ સાહેબ, મુનિ મહારાજ શ્રી ન્યાયવિજયજી મહારાજ સાહેબ તથા અન્ય મુનિવર્યોના કાળધર્મ પામવાથી જૈન સમાજને મોટી ખોટ પડી છે તે માટે કૉન્ફરન્સનું આ અધિવેશન પોતાનું દુઃખ પ્રદર્શિત કરે છે અને તેઓના આત્માને પરમ શાંતિ ઇચ્છે છે.

( ૨ ) દેશની સ્વતંત્રતાની લડાઇમાં અપૂર્વ ફાળો આપનાર ભારતના ઉપ-વડા પ્રધાન સરદાર શ્રી વલ્લભભાઇ પટેલના અવસાન પ્રત્યે કૉન્ફરન્સનું અધિવેશન ઊંડી દિલગીરી જાહેર કરે છે. તેમના અવસાનથી દેશને મહાન અને ન પૂરી શકાય તેવી ખોટ પડી છે. તેઓશ્રીના આત્માને પરમ શાંતિ મળો એવી આ કૉન્ફરન્સ પ્રાર્થના કરે છે.

( ૩ ) કૉન્ફરન્સ પ્રત્યે પ્રેમ અને સહાનુભૂતિ ધરાવનાર શેઠ મોતીચંદ ગિરધરલાલ કાપડીઆ ( મુંબઇ ), શેઠ મોહનલાલ ભગવાનદાસ ઝવેરી ( મુંબઈ ), સર શાંતિદાસ આશકરણ ( મુંબઇ ), શેઠ ફકીરચંદ કેશરીચંદ શ્રોફ ( બીલીમોરા ), શેઠ દેવજી ટોકરસી મૂલજી ( મુંબઈ ) અને શેઠ મૂલચંદ જોતીરામ બલદોટા ( બારસી ) આ અવસાન બદલ કૉન્ફરન્સનું આ અધિવેશન અત્યંત ખેદ પ્રદર્શિત કરે છે અને તેમના આત્માને પરમ શાંતિ ઇચ્છે છે.
પ્રમુખસ્થાનેથી

### ઠરાવ ૨

**ભારત સરકારને સહકારઃ**—હાલની બિહાર વિગેરેની ઉગ્ર અન્ન પરિસ્થિતિ તેમજ આર્થિક કટોકટીના સમયમાં સમગ્ર જૈન સમાજે જીવનનિર્વાહના તેમજ સામાજિક વિગેરે બીજા ખર્ચોમાં બને તેટલી કરકસર કરવી તેમજ વર્ષમાં ઓછામાં ઓછું એક અઠવાડીયાનું અનાજ આપી દેવું એવો કૉન્ફરન્સનું આ અધિવેશન જૈન સમાજને આગ્રહ કરે છે અને એ અંગે સ્થાયી સમિતિને મુકરર સમય નક્કી કરી એ કાર્યને અમલી બનાવવા ભલામણ કરે છે.
—પ્રમુખસ્થાનેથી

### ઠરાવ ૩

**સમાજ સ્વાશ્રય અને સ્વાવલંબનઃ**—સમગ્ર વિશ્વની પરિસ્થિતિ જોતાં જૈન સમાજની પ્રત્યેક વ્યક્તિએ સ્વાવલંબી અને સ્વાશ્રયી બનવા માટે ફુરસદના સમયમાં પોતાની આવકમાં વધારો કરવાના હેતુથી જાતપરિશ્રમ અને ઉદ્યમને અપનાવવાની ખાસ જરૂર છે અને તે તરફ જૈન સમાજનું લક્ષ દોરવાની ફરજ પ્રત્યે આ કૉન્ફરન્સ દરેક ભાઇ-બ્હેનનું ધ્યાન ખેંચે છે.

દરખાસ્ત—શ્રીમનહરલાલજી ચતુર-ઉદેપુર ટેકોઃ-શ્રી કેશવલાલ વીરચંદ-સોલાપુર.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



### ઠરાવ ૪

**શ્રાવક શ્રાવિકા ક્ષેત્રનો ઉત્કર્ષ:**—જૈન સમાજના મ્હોટા ભાગની આર્થિક સ્થિતિ ચિંતાજનક હોઈ કોન્ફરન્સના ફાલના અધિવેશનમાં મધ્યમવર્ગને રાહત આપવા માટે જે ઠરાવ કરવામાં આવ્યો હતો તેને અનુલક્ષી તાત્કાલિક રાહતની જે યોજના ચાલુ કરવામાં આવી છે તેને આ અધિવેશન આવકાર આપી તે ચાલુ રાખવા ઠરાવે છે અને આ યોજનાને પહોંચી વળવા જેવું ફંડ પ્રદાન કરવા સમાજ પાસે માંગણી કરે છે.

આ ઉપરાંત અત્યારની અત્યંત વિકટ પરિસ્થિતિ લક્ષમાં રાખતાં તેવી યોજનાને વિસ્તૃત સ્વરૂપ આપવાની ખાસ જરૂરીઆત માને છે. તેથી નીચે દર્શાવેલા મુદ્દાઓને ધ્યાનમાં રાખી શ્રાવક શ્રાવિકા ક્ષેત્રના ઉત્કર્ષ અંગેની એક સંપૂર્ણ યોજના જેમ બને તેમ જલ્દી તૈયાર કરી તે અમલમાં મૂકવા માટે તે વિષયના નિષ્ણાતોની એક કમિટી નિમવા આ કોન્ફરન્સ સ્થાયી સમિતિને ભલામણ કરે છે.

( અ ) જુદા જુદા સ્થળોએ ગૃહઉદ્યોગો શિખવવા માટે કેન્દ્રો ખોલવા.

( બ ) જુદા જુદા ઉદ્યોગો માટે ખાસ તાલીમ આપી નવયુવાનોને તૈયાર કરવા.

( ક ) જૈન ભાઈ–બ્હેનોને વ્યાપાર ધંધામાં સહાય આપવા માટે યોગ્ય યોજનાઓ કરવા.

( ડ ) અભ્યાસ કરનારાઓને તે અંગે બની શકતી માહિતી પૂરી પાડવા અને નોકરી-ધંધાની જરૂરીઆતવાળાને ધંધા યા નોકરીએ લગાડવા યોગ્ય કરવા ખાતું ખોલવું.

ઉપર્યુક્ત યોજનાઓને સક્રિય સ્વરૂપ આપવા માટે મોટું ફંડ એકત્ર કરવા ઠરાવવામાં આવે છે.

દરખાસ્ત શ્રી બબલચંદ કે. મોદી

ટેકો આપનાર-શ્રી પોપટલાલ રામચંદ શાહ, શ્રી કેશવલાલ વીરચંદ, શ્રી ફુલચંદ હ. દોશી, શ્રી સૌભાગ્યચંદ સીંધી, શ્રી દીપચંદ રામચંદ વખારીયા–બારસી, શ્રી કમળાબેન શેઠ–સાવરકુંડલા, શ્રી પુષ્પાબેન શાહ–અહમદનગર, શ્રી ડો. ભાઈલાલ એમ. બાવીસી, પાલીતાણા, શ્રી ચંદનબ્હેન, શ્રી સુમનરાય–ભાવનગર.

### ઠરાવ ૫

**જેસલમેર જ્ઞાનભંડાર સંરક્ષણ:**—પ્રાચીન જૈન હસ્તલિખિત અને તાડપત્રો તેમજ અન્ય અમૂલ્ય ગ્રંથોના ઉદ્ધારાર્થે પૂજ્ય મુનિ શ્રી પુણ્યવિજયજી મહારાજ સાહેબે જે અથાગ પરિશ્રમ સેવી જેસલમેર જ્ઞાનભંડારને સુવ્યવસ્થિત કરેલ છે તે બદલ કોન્ફરન્સનું આ અધિવેશન તેઓશ્રીને અભિનંદન અર્પે છે અને કોન્ફરન્સે આ દિશામાં જે પ્રવૃત્તિ હાથ ધરી છે તેની નોંધ લે છે તેમજ ભારતના જુદા જુદા જ્ઞાનભંડારો વિગેરેને એ કાર્ય માટે સહાયતા અર્પવા વિજ્ઞપ્તિ કરે છે.

દરખાસ્ત:—શ્રી મોહનલાલ દીપચંદ ચોકસી–મુંબઈ.

ટેકો:—રતિલાલ ચીમનલાલ કોઠારી જે. પી. મુંબઈ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



### ઠરાવ ૬

**આક્ષેપ પ્રતિકારઃ**—જૈન ધર્મ અને સિદ્ધાંતો ઉપર અવારનવાર થતાં આક્ષેપોના પ્રતિકારાર્થે સમુચિત ફંડ આદિની વ્યવસ્થા કરી એક સમિતિ નિમવા કોન્ફરન્સનું આ અધિવેશન સ્થાયી સમિતિને ભલામણ કરે છે.

દરખાસ્તઃ—શ્રી મોહનલાલ દીપચંદ ચોકસી. ટેકોઃ—શેઠ ચંદુલાલ સારાભાઈ મોદી.

### ઠરાવ ૭

**કોન્ફરન્સનો સુવર્ણ મહોત્સવઃ**—કોન્ફરન્સની સ્થાપનાને ૫૦ વર્ષ આ વર્ષે પૂર્ણ થતાં હોવાથી તેના ઉપલક્ષમાં યોગ્ય રીતે ખાસ અધિવેશન દ્વારા સુવર્ણ મહોત્સવ ઉજવવા વિગેરેની સર્વ વ્યવસ્થા સ્થાયી સમિતિએ કરવા આ અધિવેશન ઠરાવે છે.

પ્રમુખસ્થાનેથી.

### ઠરાવ ૮

બંધારણના ફેરફારને અંગેનો.

### ઠરાવ ૯

**શ્રી અખિલ ભારત જૈન શ્વેતાંબર કોન્ફરન્સ સમિતિ અને હોદ્દેદારોની નીમણુંકોઃ**—( અ ) કોન્ફરન્સની અખિલ ભારત જૈન શ્વેતાંબર કોન્ફરન્સ સમિતિની નીમણુંક કરવામાં આવે છે.

( બ ) શ્રી જૈન શ્વે. કોન્ફરન્સના ચીફ સેક્રેટરીઓ તરીકે–શેઠ નાથાલાલ ડી. પરીખ જે. પી. મુંબઈ તથા શેઠ ચંદુલાલ ટી. શાહ જે. પી. મુંબઈની નીમણુંક કરવામાં આવે છે.

( ક ) બંધારણ અનુસાર પ્રાંતિક મંત્રીઓ, સ્થાયી સમિતિ અને કાર્યવાહી સમિતિ તથા અખિલ ભારત જૈન શ્વેતાંબર કોન્ફરન્સ સમિતિમાં જે જે પ્રાંતોના સભ્યોની ચુંટણી ન થઈ હોય તે કરવા કોન્ફરન્સના પ્રમુખશ્રીને સંપૂર્ણ સત્તા આપવામાં આવે છે.

દરખાસ્તઃ—શ્રી મગનલાલ મૂળચંદ શાહ–મુંબઈ. ટેકોઃ—શ્રી બબલચંદ કેશવલાલ મોદી

### ઠરાવ ૧૦

કોન્ફરન્સના ચીફ સેક્રેટરીઓ તરીકે શ્રીમાન શેઠ ફુલચંદ શામજી અને શ્રીમાન શેઠ ભાઈચંદ નગીનભાઈ ઝવેરીએ જે કિંમતી સેવાઓ બજાવી છે તેની આ કોન્ફરન્સ આભાર સહિત નોંધ લે છે.

દરખાસ્તઃ–શેઠ રતિલાલ ચીમનલાલ કોઠારી. જે. પી ટેકોઃ–શેઠ બબલચંદ કે. મોદીઃ

અનુમોદનઃ—ડૉ. આણંદલાલ ગિ. શાહ સર્વાનુમતે પસાર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સત્તરિયા અને એનું વિવરણાત્મક સાહિત્ય

( લેખક:—પ્રો. **હીરાલાલ રસિકદાસ કાપડિયા** એમ. એ. )

[ ૧ ]

**પ્રાચીન કૃતિઓ:**—જૈન અનાગમિક સાહિત્યમાં દાર્શનિક કૃતિઓ મહત્ત્વનું સ્થાન ભોગવે છે અને એમાં પણ કર્મ-સિદ્ધાન્તને અંગેની કૃતિઓ, આ સિદ્ધાન્તની જૈન દર્શનમાં વ્યાપકતા અને વિશિષ્ટતાને લઇને ઉચ્ચ સ્થાને છે. આવી શ્વેતાંબરીય કૃતિઓ, તરીકે **શિવશર્મસૂરિકૃત** [1]**કમ્મપયડિ** અને **બંધસયગ**, [2]ચન્દ્રર્ષિકૃત [3]**પંચસંગહ પગરણ**, ચિરંતનાચાર્યકૃત **સત્તરિયા** ઇત્યાદિ ગણાવી શકાય.

**કર્તૃત્વ-સત્તરિયા**ના કર્તા ' ચન્દ્રર્ષિ મહત્તર ' હોવાની રૂઢ માન્યતાનું નિરસન પાંચમા અને છઠ્ઠા કર્મગ્રન્થની પ્રસ્તાવના( પૃ. ૧૪-૧૫ )માં વિદ્વદ્વલ્લભ મુનિશ્રી પુણ્યવિજયે કર્યું છે. આ સંબંધમાં વિશેષ સબળ પૂરાવા તરીકે **પંચસંગહ પગરણમાં સત્તરિયાના** સંગ્રહરૂપ વિભાગ( ગા. ૧૪ )ના સ્વોપજ્ઞ વિવરણમાંથી એક પંક્તિ, અંતરભાસ અને ચુણ્ણિ સહિત **સિત્તરિનું** સંપાદન કરનાર પં. **અમૃતલાલ** મોહનલાલે આ **સિત્તરિની** પ્રસ્તાવના( પૃ. ૭ આ )માં ઉદ્ધૃત કરી છે, અને વિશેષ માટે મૂળ કૃતિનું પૃ. ૭ આનું ટિપ્પણ જોવા ભલામણ કરી છે. આથી હું એ સંપૂર્ણ પંક્તિ અહીં રજૂ કરું છું:—

" **क्षपकश्रेण्यां बादरकषाये सूक्ष्मकषाये चतुर्बन्धके अबन्धके च क्षीणकषाये षट् प्रकृतयः सद्भावेन भवन्ति, चतसृणामुदयः, एवमेकादश भङ्गाः सप्ततिकाकारमतेन, कर्मस्तवकारमतेन पञ्चानामप्युदयो भवति ततश्च त्रयोदश भङ्गाः। एवं दर्शनावरणत्रिकसंवेध इति गाथार्थः।** "[4]

આમ અહીં **સપ્તતિકાના** રચનારનો મત તેમજ **કર્મસ્તવના** પ્રણેતાનો મત દર્શાવાયેલ છે. જો **સપ્તતિકા**ના રચનાર પંચસંગ્રહકાર **ચંદ્રર્ષિ** હોત તો આમ ન બનત.

પં. અમૃતલાલે પત્ર ૭ આમાં પંચસંગહ પગરણમાંના પ્રકૃતિની ઉદીરણાના અધિકારની ૧૯ મી ગાથા તેમજ એની સ્વોપજ્ઞ [5]ટીકા રજૂ કરી એમ પ્રતિપાદન કર્યું છે કે ચન્દ્રર્ષિ મહત્તર પ્રાચીન-કર્મસ્તવના કર્તાના મતને અનુસરે છે.

**સત્તરિયા ઇત્યાદિનું મૂળ—સત્તરિયા** એ **દિટ્ઠિવાય**ના નિઃસ્યંદરૂપ છે એમ ગ્રંથકારે

---

૧ " કમ્મપયડિ અને ( બંધ )સયગ " નામનો મારો લેખ " આત્માનંદ પ્રકાશ " ( પુ. ૪૮, અં. ૧-૨ ) માં છપાયો છે. ૨ **જિનરત્નકોશ**( પૃ. ૨૨૯ )માં કહ્યું છે કે કાંતિવિજયજીના સંગ્રહમાંની એક હાથપોથીમાં **પંચસુત્ત**ના કર્તા તરીકે **ચન્દ્રર્ષિ**નો ઉલ્લેખ છે. આ પોથી તપાસાવી ઘટે. ૩ " પંચસંગહપગરણનું પર્યાલોચન " નામનો મારો લેખ " શ્રી જૈનધર્મ પ્રકાશ " ( પુ. ૬૭, અં. ૨-૩-૪ ) માં બે કટકે છપાવાયો છે. ૪ જુઓ પત્ર ૨૧૨ આ. ૫ જુઓ પત્ર ૧૭૭ આ.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પોતે કહ્યું છે. આના સ્પષ્ટીકરણરૂપ મુદ્રિત ચુણ્ણિ( પત્ર ૨ આ )માં આ સંબંધમાં નીચે મુજબની મતલબની વિશેષ હકીકત છેઃ—

દિટ્ઠિવાયના પરિકમ્મ, સુત્ત, પઢમાણુઓગ, પુવ્વગય અને ચૂલિયામય એમ પાંચ પ્રકારો છે. તેમાં ચૌદ પુવ્વ(પૂર્વ)માંનું બીજું પુવ્વ તે **અગ્ગેણીય** છે. તેના પાંચમા વત્થુનાં વીસ પાહુડ( પ્રાભૃત ) છે. એ પૈકી ચોથા **કમ્મપગડિ** નામના **પાહુડમાંથી આ સત્તરિયાનો** ઉદ્ધાર કરાયો છે. **કમ્મપગડિ** એ **૨૪** અનુયોગદ્વારમય મહાર્ણવ છે, તેના આ એક બિંદુરૂપ છે. એમાંથી અહીં ત્રણ અધિકાર લેવાયા છે. એથી આ **સત્તરિયાને** **દિટ્ઠિવાયનો** નિઃસ્યંદ કહેલ છે.

આ ઉપરથી એ ફલિત થાય છે કે-**સત્તરિયા** એ **કમ્મપગડિ** નામના પાહુડને આધારે યોજાયેલી છે.

શિવશર્મસૂરિકૃત **સયગ( બંધસયગ )**ની લઘુચૂર્ણિ જે **ચંદ્રર્ષિ**એ રચેલી મનાય છે અને જે ઉપલબ્ધ હોઇ છપાઇ છે, તેમાં **સયગ**ની ઉત્પત્તિ આના કરતાં વિસ્તારથી વિચારાઇ છે. ત્યાં ઉપર પ્રમાણે **દિટ્ઠિવાય**ના પાંચ પ્રકારોના ઉલ્લેખ બાદ પુવ્વગયના ૧૪ પ્રકારો જણાવતાં **ઉપ્પાય, અગ્ગેણિય** એમ છેક **લોગબિંદુસાર** એમ ચૌદ પુવ્વ પૈકી ત્રણનાં નામો દર્શાવાયાં છે. પછી **અગ્ગેણિય** પુવ્વમાં આઠ વત્થુ છે એમ કહી પુવ્વંત, અવરંત, ધ્રુવ, અધ્રુવ અને ચવણલદ્ધિ એમ પાંચ વત્થુનાં નામ આપી પાંચમા વત્થુમાંથી **સયગ**ની ઉત્પત્તિ થઇ છે એમ કહ્યું છે. આ વત્થુના વીસ પાહુડ છે. તે પૈકી **કમ્મપગડિ** નામનું ચોથું પાહુડ એ અત્ર પ્રસ્તુત છે. આ પાહુડનાં ૨૪ અણુઓગદ્દાર(અનુયોગદ્વાર)ના નામ ત્રણ ગાથાદ્વારા રજૂ કરાયાં છે. ત્યારબાદ છટ્ઠા અણુઓગદ્દાર નામે બંધણ(બંધન)ના બંધ, બંધક, બંધનીય અને બંધવિધાન એમ ચાર પ્રકારો સૂચવી એમાંનો ચોથો પ્રકાર અત્ર અભિપ્રેત છે એમ કહ્યું છે. આમ **બંધસયગ**ની ઉત્પત્તિ પણ **કમ્મપગડિ** નામના પાહુડને આભારી છે, એમ અહીં પ્રતિપાદન કરાયું છે.

લગભગ આવી જ પદ્ધતિએ [1]**છખંડાગમ**ની ઉત્પત્તિ [2]**ધવલા**માં દર્શાવાઇ છે. આ **છખંડાગમ**નો ઉદ્ભવ પણ **કમ્મપગડિ** નામના પાહુડને આભારી છે, એમ અહીં સ્પષ્ટપણે કહેવાયું છે.

**કમ્મપયડિ**ની ચુણ્ણિ( પત્ર ૧ )માં કહ્યું છે કે—વિચ્છિન્ન થયેલા **કમ્મપયડિ** નામના મહાગ્રંથના અર્થનો બોધ કરાવવા માટે એ જ નામનું સાન્વર્થ પ્રકરણ આચાર્યે ( **શિવશર્મસૂરિએ** ) રચ્યું છે.

આમ આ ચારે ગ્રંથોનું—(૧) **સત્તરિયા**, (૨) **બંધસયગ**, (૩) **છખંડાગમ** અને (૪) **કમ્મપયડિ**નું મૂળ એક જ છે—**કમ્મપગડિ** નામનું પાહુડ છે. આ ઉપરથી

૧ આનો રચનાનો પ્રારંભ **પુષ્પદંતે** કર્યો હતો અને પૂર્ણાહુતિ ભૂતબલિએ કરી હતી. આ બે દિગંબર મુનિવરોનો સમય વિક્રમની બીજી-ત્રીજી સદી મનાય છે.

૨ આ કૃતિ શકસંવત્ ૭૩૮ માં પૂર્ણ કરાઇ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શું આ ચારેના પ્રણેતાઓ એક જ આચાર્ય-પરંપરાના છે એવો પ્રશ્ન પં. હીરાલાલ જૈને એમના [1]લેખ નામે "[2]ષટ્ખંડાગમ, કમ્મપયડી, સતક ઔર સિત્તરી પ્રકરણ" માં ઉઠાવ્યો છે. આ લેખમાં એમણે **સત્તરિયા**નો રચના-સમય વિક્રમની ચોથીથી છઠ્ઠીનો ગાળો હોવાનું જણાય છે એમ કહ્યું છે ( જુઓ પૃ. ૪૪૬ ).

**નામકરણ**—પ્રસ્તુત કૃતિનું નામ ગ્રંથકારે દર્શાવ્યું નથી. એનું પ્રચલિત નામ 'સિત્તરિ' હોય એમ જણાય છે, પરંતુ એની વાસ્તવિકતા માટે પ્રમાણ મળવું જોઇએ.

**સિદ્ધહેમચન્દ્ર**માં "**सप्ततौ रः**" એ સૂત્ર ( ૮-૧-૨૧૦ ) દ્વારા 'સપ્તતિ' ઉપરથી 'સત્તરિ' શબ્દ સિદ્ધ કરાયો છે. અહીં '**સિત્તરિ**' માટે ઉલ્લેખ નથી. '**જમચિંતામણિ**' ચૈત્યવંદન, [3]**માનદેવસૂરિ**કૃત ગણાતા **તિજયપહુત્ત**( ગા. ૪, ૯, ૧૧ ને ૧૪ ) ઇત્યાદિમાં 'સત્તરિ' શબ્દ જોવાય છે. **સત્તરિ** એ અર્થમાં 'સયરિ' શબ્દ પણ વપરાયો છે. જેમકે **પંચસંગહપગરણ**ના છેલ્લા અધિકારની ગા. ૧૪૩ માં. આની સ્વોપજ્ઞ વૃત્તિમાં '**સપ્ત**-તિકા' શબ્દ છે, **સત્તરિયા**ની **મલયગિરિસૂરિ**કૃત ટીકામાં પ્રારંભમાં આ કૃતિને **સપ્તતિ** કહી છે. **સત્તરિયા** અને **સયરિયા** એ બે શબ્દ પણ સાચા છે, પરંતુ 'સત્તરિ' શબ્દ માટે શો આધાર આપી શકાય તે બાબત એ શબ્દ વાપરનારા વિદ્વાનો સૂચવવા કૃપા કરશે ?

**ગાથાની સંખ્યા**—**સત્તરિ**નો અર્થ સિત્તેર થાય છે. આ અર્થમાં પાઇયમાં **સતરિ**, સત્તરિયા, સયરિ, સયરિયા અને સિત્તરિ શબ્દ વપરાતા જોવાય છે. વળી આ અર્થસૂચક સંસ્કૃત શબ્દ **સપ્તતિકા**નો પણ આ કૃતિ માટે પ્રયોગ થએલો છે. એથી આ કૃતિમાં ૭૦ ગાથા હોવાની પરંપરા છે એમ ફલિત થાય છે, પરંતુ આજે આ કૃતિની જે ભિન્ન ભિન્ન હાથપોથીઓ મળે છે તેમાં વિશેષ ગાથા જોવાય છે. મુદ્રિત **પ્રકરણમાલા** તેમજ ટબ્બા વગેરેમાં **૯૨** ગાથા છે. એમાંની કેટલીક અર્થની પૂર્તિ કે એના સ્પષ્ટીકરણાર્થે ટીકાકારને હાથે કે કોઇ અભ્યાસીને હાથે રચાયેલી કે ઉમેરાયેલી હોય એમ જણાય છે. વળી એમાં **અંતરભાસ**ની ગાથાઓ પણ ભળી ગઇ છે. એક સમયે **સત્તરિયા**ની ગાથા ૮૯ ની ગણાતી હતી એમ નીચે મુજબનું જે અવતરણ આ **સત્તરિયા**ને લગતી હાથપોથીમાં જોવાય છે, એ ઉપરથી જાણી શકાય છેઃ—

"**गाहग्गं सयरीए चंदमहत्तरमयाणुसारीए ।**
**टीगाइ नियमियाणं एगूणा होइ नउई उ ॥**"

આનો અર્થ એ છે કે-**ચંદ્ર મહત્તર**ના મતને અનુસરનારી ટીકા પ્રમાણે **સયરિ**ની ગાથાનું પ્રમાણ ૯૦ માં એક ઓછું અર્થાત્ ૮૯ છે. "**શ્રી જૈનધર્મ પ્રસારક સભા**" એ ઇ. સ. ૧૯૧૯ માં છપાવેલી **સિત્તરિ**ની આવૃત્તિમાં ૭૫ ગાથા છે; જ્યારે જૈ. આ. સ.

૧ આ લેખ **પ્રેમી-અભિનન્દન ગ્રંથ**( પૃ. ૪૪૫-૪૪૭ ) માં છપાયો છે.

૨ આ શીર્ષક વિચિત્ર છે, કેમકે એમાંનાં તમામ નામો એક જ ભાષામાં નથી એટલું જ નહિ પણ પાઇય નામો પણ પૂરેપૂરાં શુદ્ધ નથી. ૩ કેટલાક અભયદેવસૂરિકૃત કહે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તરફથી મલયગિરિસૂરિકૃત ટીકા સહિત છપાયેલી **સિત્તરિ**માં ૭૨ ગાથા છે. આમ જે ત્રણ ગાથાનો ફરક છે તેનો નિકાલ પુણ્યવિજયજીએ એમની પ્રસ્તાવના( પૃ. ૧૨-૧૩ )માં સૂચવ્યો છે. વિશેષમાં ૭૨ ગાથા પૈકી છેલ્લી બે ગાથા પ્રકરણની પૂર્ણાહુતિ પછીના હોવાથી એ સાચી હોવા છતાં એ ગણવી ન જોઇએ એમ કહી એમણે ૭૦ ગાથાનો તાળવો મેળવ્યો છે, પણ મારે મન એ વાત પ્રતીતિજનક નથી.

" **चउ पणुवीसा सोलस** "થી શરૂ થતી ૨૫ મી ગાથા એ **સત્તરિયા**ના ચૂર્ણિકારના મતે પાઠાંતરરૂપ છે. એટલે એ હિસાબે ૭૧ ગાથા થાય છે એવો નિર્દેશ કરી પં. અમૃતલાલે એમ કહ્યું છે કે-પહેલી ગાથા મંગલાચરણરૂપ હોવાથી એની ગણના ન કરાવી જોઇએ. એ વાત સ્વીકારતાં ' સિત્તરિ ' દ્વારા સૂચવાયેલી ૭૦ ગાથા થઇ રહે છે ખરી, પરંતુ આ વાત મારે ગળે પૂરેપૂરી ઉતરતી નથી, જો કે મંગલાચરણની ગાથા કેટલીક વાર ગણાતી નથી એ વાત સાચી છે. અત્યારે આ સંબંધમાં વિશેષ પરામર્શ કરવાની અનુકૂળતા નથી. એટલે આ વાત અહીંથી પડતી મૂકું છું, કેમકે જે ગાથા પાઠાંતર તરીકે દર્શાવાઇ છે તે કઇ ગાથાની છે અને એ પાઠાંતરરૂપ છે કે ઉપસંહારરૂપ ઇત્યાદિ પ્રશ્નો વિચારવા પડે તેમ છે.

[1]**વિષય**—પ્રાચીન કર્મગ્રંથ તરીકે છ કૃતિ ગણાવાય છે ( અને એમાં છઠ્ઠી કૃતિ તે **સત્તરિયા** છે ), જ્યારે નવ્ય કર્મગ્રંથ તરીકે પાંચ ગણાવાય છે. ( અને એ પાંચે દેવેન્દ્રસૂરિની રચના છે. ) આથી પ્રશ્ન એ ઉદ્ભવે છે કે—દેવેન્દ્રસૂરિએ છઠ્ઠો કર્મગ્રંથ કેમ ન રચ્યો ? શું એમાં આવતી બાબતો એમના રચેલા પાંચ કર્મગ્રંથોમાં આવી જાય છે ? આનો ઉત્તર ' હા ' એમ આપી શકાય તેમ છે.

**સત્તરિયાની** પહેલી જ ગાથામાં અભિધેય તરીકે બંધ, ઉદય, સત્તા અને પ્રકૃતિ-સ્થાનનું સ્વરૂપ રજૂ કરવાની પ્રતિજ્ઞા કરાઇ છે. ત્યારબાદ મૂળ પ્રકૃતિને આશ્રીને બંધ-સ્થાનો, ઉદય-સ્થાનો અને સત્તાસ્થાનો અને એનો પરસ્પર [2]સંવેધ, તેમજ સંવેધોનો જીવસ્થાનો અને ગુણસ્થાનો આશ્રીને વિચાર એ જ બાબતોનો **ઉત્તર પ્રકૃતિઓને** અંગે પરામર્શ, તેમજ ગતિ અને ઇન્દ્રિય એ માર્ગણા-સ્થાનોને ઉદ્દેશીને કથન ઉદીરણા, ઉપશમ-શ્રેણિ અને ક્ષપક-શ્રેણિનું સ્વરૂપ અને ક્ષપક-શ્રેણિનું અંતિમ ફળ એમ વિવિધ વિષયો આલેખાયા છે. સંક્ષેપમાં કહેવું હોય તો કર્મની દસ અવસ્થા પૈકી મુખ્યતયા ત્રણ બંધ, ઉદય ને સત્તા એ ત્રણેનું અને એના ભંગોનું અહીં નિરૂપણ છે. બાકીની સાત

---

૧ ૭૫ ગાથાવાળી આવૃત્તિનો વિષય અંગ્રેજીમાં The Doctrine of Karman in Jain Philosophy ની પ્રસ્તાવના( પૃ. ૧૮-૧૯ )માં ડૉ. હેલ્મુથ ફૉન ગ્લાઝેનપે આપ્યો છે. ૨ આનો સામાન્ય અર્થ સંયોગ છે. સંવેધનો અધિકાર **પંચસંગ્રહ** અને એની સ્વોપજ્ઞ વૃત્તિ( પત્ર ૨૦૯ આ ઇત્યાદિ )માં છે. **કમ્મપયડિના** છેલ્લા અધિકારની ૫૪ મી ગાથામાં ' સંવેહ ' શબ્દ વપરાયો છે. એની ટીકા( પત્ર ૨૧૮ આ )માં મલયગિરિસૂરિએ એનો નીચે મુજબ અર્થ સૂચવ્યો છે.

" **सम्बन्धः परस्परमेककालमागमविरोधेन मीलनं** "

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અવસ્થાઓ તે ઉત્કર્ષણ, અપકર્ષણ, સંક્રમણ, ઉદીરણા, ઉપશમન, નિધત્તિ અને નિકાચના છે અને એનો બંધ, ઉદય અને સત્તામાં અંતર્ભાવ થઇ શકે છે.

**રચનાસમય—સત્તરિયા**નો રચનાસમય જિનભદ્રગણિ ક્ષમાશ્રમણના કરતાં પ્રાચીન જણાવાય છે અને એ માટે આ ક્ષમાશ્રમણે પોતાની કૃતિ નામે **વિસેસણવઇ**( ગા. ૯૦–૯૧ )માં **સત્તરિયા**ના વિષયની ચર્ચા કરી છે એવું કારણ દર્શાવાય છે. **સત્તરિયા**ની રચના જઇણમરહટ્ટી( જૈન મહારાષ્ટ્રી ) ભાષામાં થયેલી છે. **પંચસંગહ પગરણ**માં જે પ્રાચીન પાંચ ગ્રંથોનો ઉદ્ધાર છે, તેમાંનાં એકનું નામ **સપ્તતિકા** ( **સત્તરિયા** ) છે તે આ જ છે એમ વિદ્વાનોનું માનવું છે. આ માન્યતા સાચી જ હોય તો **સત્તરિયા**ની રચના **ચન્દ્રર્ષિ** મહત્તરની પહેલાંની છે એમ ફલિત થાય. આ બધું વિચારતાં **૭૧** ગાથાવાળી **સત્તરિયા** **વિક્રમ**ની પાંચમી સદી જેટલી તો પ્રાચીન છે જ એમ માનવા હું પ્રેરાઉં છું. **સત્તરિયા**નો ઉલ્લેખ કે એમાંથી કોઇ અવતરણ કે એની ગાથાના ભાવાર્થરૂપ લખાણ જિનભદ્રગણિથી પહેલાંના કોઇ ગ્રંથકારની કૃતિમાં છે ?

**સત્તરિયા**ની આદ્ય ગાથામાં **દિટ્ઠિવાય**ના નિઃસ્યંદરૂપ સંક્ષેપ કહીશ એમ ગ્રન્થકારે કહ્યું છે. એ હિસાબે એઓ ' પૂર્વધર ' સંભવે છે અને એ દૃષ્ટિએ એમનો સમય **વીર સંવત્** ૧૦૦૦ **અર્થાત્ વિક્રમ** સંવત્ ૫૨૯ કરતાં તો અર્વાચીન ન હોઇ શકે. વિશેષમાં જે [1]૭૧ મી ગાથામાં બંધાદિ વિષે વિશેષ હકીકત જાણવા માટે **દિટ્ઠિવાય** જોવાની ભલામણ કરાઇ છે તે [2]ગાથા પ્રક્ષિપ્ત ન હોય તો એ પણ આ સમયનું સમર્થન કરે છે.

**સત્તરિયા** વિષે આથી વિશેષ ન કહેતાં એની ૬૮ મી અને ૬૯ મી ગાથામાં ' ક્ષપક ' શ્રેણિએ આરૂઢ થયેલા જીવોના કર્મપ્રકૃતિના વેદનને અંગેના મતાંતરની નોંધ છે એ બાબત નિર્દેશી તેમજ આ અતિ પ્રાચીન કૃતિના [3]તુલનાત્મક અને ભાષાદૃષ્ટિએ અભ્યાસની આવશ્યકતા વિષે ઇસારો કરી હવે હું એના વિવરણો વિષે થોડુંક કહું છું.

[ ૨ ]

**અંતરભાસ ( અંતર્ભાષ્ય )—સત્તરિયા**ના અર્થના અનુસંધાનરૂપે જે ગાથાઓ રચાઇ છે તેને ' અંતરભાસ ' કહે છે. **સત્તરિયા**ની પ્રત્યેક ગાથાના ભાસ( ભાષ્ય )રૂપ આ નથી. **સિત્તરિ**ની મુદ્રિત ચુણ્ણિ અને એની મલયગિરિસૂરિકૃત ટીકા જોતાં દસ ગાથાઓ તો **અંતરભાસ**ની છે જ એમ બેધડક કહી શકાય. પ્રસ્તુત ચુણ્ણિમાં બીજી જે ગાથાઓ જોવાય છે તે પણ **અંતરભાસ**ની ગાથા ખરી કે નહિ એ પ્રશ્ન વિચારવા જેવો છે.

---

૧. ૭૦ મી ગાથામાં રત્નત્રયીનો ઉલ્લેખ છે. ૨ જો ૭૧ ની ગાથા પ્રક્ષિપ્ત હોય તો ૭૨ મી પણ તેવી જ છે, અને એ રીતે વિચારતાં મૂળ ૭૦ ગાથા હોવી જોઇએ. ૩ **ગોમ્મટસારગત** ' કર્મકાંડ ' સાથેનું સંતુલન જે પં. **મહેન્દ્રકુમારે** કર્યું છે તે પાંચમા–છઠ્ઠા કર્મગ્રંથની આવૃત્તિમાં છપાયું છે. એ જોતાં કેટલીક ગાથાઓ સમાન હોવાની પ્રતીતિ થાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ચુણ્ણિઓ ( ચૂર્ણિઓ )—સત્તરિયા ઉપર મલયગિરિસૂરિએ સંસ્કૃતમાં વિવૃતિ રચી છે. એના પ્રારંભમાં આ રચવા માટે એએ કહે છે કે "**चूर्णयो नावगम्यन्ते सततेर्मन्दबुद्धिभिः**" આનો અર્થ એ છે કે મન્દબુદ્ધિવાળાઓને ચૂર્ણિઓ સમજાતી નથી. આમ જે અહીં 'ચૂર્ણિ' શબ્દનો બહુવચનમાં પ્રયોગ છે તે ઉપરથી મલયગિરિસૂરિના ખ્યાલમાં ઓછામાં ઓછી ત્રણ ચૂર્ણિઓ હોવી જોઈએ એમ હું અનુમાન કરું છું. આથી નીચે મુજબના પ્રશ્નો ઉદ્ભવે છે:—

( ૧ ) મલયગિરિસૂરિએ ઉપર્યુક્ત વિવૃતિમાં ચૂર્ણિમાંથી અવતરણો આપ્યાં છે તે કોઈ એક જ ચૂર્ણિનાં છે કે કેમ અને એ ચૂર્ણિ શું આજે મળે છે. ?

( ૨ ) અભયદેવસૂરિનું રચેલું મનાતું અને ૧૯૧ ગાથામાં ગુંથાએલું ભાસ( ભાષ્ય ) જે ચૂર્ણિને આધારે યોજાયું છે તે ચૂર્ણિ કઈ ?

( ૩ ) ચન્દ્રમહિ કે ચન્દ્રર્ષિને નામે નોંધાયેલી અને ૨૩૦૦ શ્લોકપ્રમાણક પ્રાકૃત ટીકા ચૂર્ણિથી ભિન્ન છે કે નહિ ?

( ૪ ) જિનરત્નકોશ(પૃ. ૪૧૪)માં સૂચવાયા મુજબ જિનવલ્લભસૂરિના શિષ્ય રામદેવે લગભગ ૫૪૭ ગાથામાં જે પ્રાકૃત ટિપ્પણ રચ્યું છે અને જે જેસલમેરના ભંડારમાં હોવાનું મનાય છે તે જો કોઇક ચૂર્ણિને આધારે યોજાયું હોય તો તે ચૂર્ણિ કઈ ?

( ૫ ) "**चत्वारः कर्मग्रन्थाः**"ની આવૃત્તિના અંતમાં પૃ. ૧૮ માં ૧૩૨ પત્રની જે ચૂર્ણિ નોંધી છે તે કઈ ?

આ પ્રશ્નોના ઉત્તરો હવે હું ક્રમશઃ સૂચવું છું:—

મલયગિરિસૂરિની સામે જે ચુણ્ણિઓ હતી તે બધી આજે મળતી હોય, એમ જણાતું નથી.

મલયગિરિસૂરિએ જે ચુણ્ણિના પાઠો ટીકામાં આપેલા છે તે મુદ્રિત ચુણ્ણિમાં મળે છે એમ આ ચુણ્ણિના સંપાદકે કહ્યું છે, પરંતુ આ કથનના સમર્થનાર્થે એમણે એ પાઠો નોંધ્યા નથી કે એ સ્થળોનો પણ નિર્દેશ કર્યો નથી એટલે આ કાર્ય હું કરું છું:—

| પાઠ | ટીકા | ચુણ્ણિ |
|---|---|---|
| अंस इति संतकम्मं भन्नइ | પૃ. ૧૫૮ | પત્ર ૭અ ( ગા. ૯ ) |
| वेउव्वियछक्कं० | ,, ૧૬૦ | ,, ૨૮આ ( ગા. ૩૦ ) |
| तेउवाउवज्जो० | ,, ૧૬૦ | ,, ૨૮અ ( ગા. ૩૦ ) |

દેવેન્દ્રસૂરિએ સયગ( ગા. ૯૮ )ની ટીકા( પૃ. ૧૩૨ )માં સપ્તતિકાચૂર્ણિના નામનિર્દેશપૂર્વક જે અવતરણ આપ્યું છે તે મુદ્રિત ચુણ્ણિ( પત્ર ૬૩આ )માં નહિ જેવા ફેરફાર સાથે જોવાય છે.

આ ઉપરથી મુદ્રિત ચુણ્ણિ જ આ બંને ટીકાકારની પાસે હોવી જોઈએ એમ લાગે છે.

ભાસ કઈ ચુણ્ણિને આધારે રચાયું છે તે બાબત હું અત્યારે મોકુફ રાખું છું, કેમકે એ માટે તુલનાત્મક અભ્યાસ કરવો ઘટે અને એ માટે તો યથેષ્ટ અવકાશનો તેમજ આવશ્યક સાધનનો અત્યારે તો અભાવ છે. ( અપૂર્ણ. )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વિરાજમાન શ્રી શ્રમણસંઘે કરેલ નિર્ણયો.

શ્રી સિદ્ધક્ષેત્ર પાલીતાણામાં વિરાજમાન સમસ્ત જૈન શ્વેતાંબર શ્રમણસંઘ, વિ. સં. ૨૦૦૭ વૈશાખ શુદિ ૬ શનિવારથી વૈશાખ શુ. ૧૦ બુધવાર સુધી રોજ બપોરે બાબુ પન્નાલાલની ધર્મશાળામાં મળી, વિ. સં. ૧૯૯૦ માં રાજનગરમાં ભરાએલ અખિલ ભારતવર્ષીય શ્રી જૈન શ્વેતામ્બર મુનિ સમ્મેલને કરેલ "ધર્મમાં બાધાકારી રાજસત્તાના પ્રવેશને આ સમ્મેલન અયોગ્ય માને છે" એ ૧૧ મા નિર્ણય ઉપર પૂર્વાપર વિચારણા કરી, સર્વાનુમતે નીચે મુજબ નિર્ણય કરે છે.

૧ આ શ્રમણસંઘ માને છે કે–આજની સરકાર ધર્માદા ટ્રસ્ટબીલ, ભિક્ષાબંધી, મધ્યભારત દીક્ષા નિયમન, મંદિરમાં હરિજનપ્રવેશ અને બિહાર રીલીજીયસ એક્ટ વિગેરે નિયમો ઘડી ધર્મમાં અનુચિત હસ્તક્ષેપ કરે છે તે ઠીક નથી. તેમ કરવાનો સરકારને કોઇ અધિકાર નથી. વિદેશી સરકાર હતી ત્યારે પણ જે હસ્તક્ષેપ થયો ન હતો તે ભારતીય સરકાર તરફથી થાય એ ખૂબ જ અનિચ્છનીય વસ્તુ છે.

૨ આ શ્રમણસંઘ માને છે કે, વિ સં. ૧૯૯૦ માં મુનિ સમ્મેલને પટ્ટકરૂપે જે નિર્ણયો તૈયાર કર્યા છે તેના છેલ્લા ચાર *ઠરાવોને વિશેષ અમલમાં લાવવા માટે જૈન શ્રમણ સંઘના આગેવાન વિચારક આચાર્યો તથા મુનિવરોના સમ્મેલનની તુરત અગત્ય છે, તો અમદાવાદ, પાનસર, પાલીતાણા કે યોગ્ય સ્થાનમાં તુરતમાં મળે એવો સક્રિય પ્રયત્ન કરવો જોઇએ.

---

નોટ—*૮ શ્રાવકોન્નતિ–શ્રાવક–શ્રાવિકાએ, ધન–ધાન્ય–વસ્ત્ર–આભૂષણાદિ સર્વ યોગ્ય વસ્તુથી ધર્મની ઉન્નતિ અને સ્થિરતાને અનુલક્ષીને શ્રાવક–શ્રાવિકાની દ્રવ્યભક્તિ તથા શ્રી વીતરાગદેવ, સાધુ અને ધર્મ પ્રત્યે લાગણીવાળા બનાવવારૂપ ભાવભક્તિ કરવી, એ બાબતમાં સાધુઓ ઉપદેશ આપી શકે છે.

**૯ પરસ્પર સંપની વૃદ્ધિ**—૧ કોઈપણ સાધુ, સાધ્વી કે તેના સમુદાયના અવર્ણવાદ બોલવા નહિ. ૨ પરસ્પર આક્ષેપવાળા લેખો લખવા કે લખાવવા નહિ તથા વ્યાખ્યાનમાં પણ આક્ષેપ કરવા નહિ. ૩ કોઇનો કોઇ જાતનો દોષ જણાય તો તેમને મળીને સુધારો કરવા પ્રેરણા કરવી અને તેમણે પણ તે દોષ સુધારવા પ્રયત્ન કરવો. ૪ લોકોમાં ભિન્નતા ન દેખાય તેમ પરસ્પર ઉચિતતાએ વર્તવું.

**૧૦ ધર્મ ઉપર થતા આક્ષેપોને અંગે**—૧ આપણા પરમપવિત્ર પૂજ્ય શાસ્ત્રો તથા તીર્થાદિ ઉપર થતા આક્ષેપોના સમાધાનને અંગે (૧) આચાર્ય મહારાજ શ્રીમત્ સાગરાનંદસૂરિજી, (૨) આચાર્ય મહારાજ શ્રીમદ્ વિજયલબ્ધિસૂરિજી (૩) પંન્યાસજી મહારાજ શ્રી લાવણ્યવિજયજી, (૪) મુનિરાજ શ્રી વિદ્યાવિજયજી અને (૫) મુનિરાજ શ્રી દર્શનવિજયજીની મંડળી નીમી છે. તે મંડળીએ તે કાર્ય, નિયમાવલી તૈયાર કરી શરૂ કરવું અને બીજા સર્વ સાધુઓએ એ બાબતમાં યોગ્ય મદદ કરવી તેમજ એ મંડળીએ જોઇતી સહાય આપવા શ્રાવકોને પણ પ્રેરણા અને ઉપદેશ આપવો.

**૧૧ ધર્મમાં રાજસત્તાના પ્રવેશ સંબંધી**—૧ ધર્મમાં બાધાકારી રાજસત્તાના પ્રવેશને આ સંમેલન અયોગ્ય માને છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

[illegible] જે જે સંસ્થાઓ, સાત ક્ષેત્રો, ધર્મ સ્થાનો દેરાસરો અને ઉપાશ્રય વિગેરે છે તે દરેક પોતપોતાના અધિકાર મુજબ શ્રમણપ્રધાન ચતુર્વિધ સંઘના માલિકીના છે, તેના વહીવટદારો તે શ્રમણ સંઘના શાસ્ત્રીય આદેશ પ્રમાણે કામ કરનાર સેવાભાવી સદ્‌ગૃહસ્થો છે. વહીવટદારોને શાસ્ત્રાજ્ઞા તથા સંઘની મર્યાદાને બાધક આવે એવું કંઇ પણ કરવાનો હક નથી. તેમજ સરકારને પણ સંઘનો હક ઉઠાવી વહીવટદારોને જ તે સંસ્થાઓના સીધા માલીક માની તે દ્વારા પોતાનો હક જમાવવાની જરૂર નથી. છતાંય વહીવટદારો કે સરકાર એવું અનુચિત પગલું ભરે તો તેઓને તેમ કરતા રોકવા માટે પોતાના અધિકાર મુજબ સક્રિય પ્રયત્ન કરવો.

૪ આ શ્રમણ સંઘ માને છે કે—જે જે આચાર્યાદિ પૂજ્ય મુનિવરો અહિં હાજર નથી અથવા બહાર છે તેઓને ઉપરના નિર્ણયો જણાવી સહકાર આપવા વિનંતિ કરવી. દરેક સ્થાને ચતુર્વિધ સંઘને જાગૃત કરવો અને ધાર્મિક સ્વતંત્રતા જળવાય તે અંગે દરેક પ્રયત્નો કરવા.

૫ આ શ્રમણ સંઘ માને છે કે—અહિં હાજર રહેલા મુનિવરો બહારગામ રહેલા પોતાના આચાર્યાદિ વડિલોને આ નિર્ણયથી વખતસર વાકેફગાર કરીને આ નિર્ણયને વેગ મળે તેવી સમ્મતિ મેળવી આપશે.

૬ આ શ્રમણસંઘ ચાહે છે કે—બહાર રહેલ પૂજ્ય આચાર્યાદિ મુનિવરોને ઉપરોકત નિર્ણયો મોકલવા અને તેઓશ્રી આને અંગે જે માર્ગદર્શન આપે કે નિર્ણયમાં યોગ્ય સુધારો સૂચવે તેને સ્વીકારવા ઘટતું કરવું.

૭ આ શ્રમણસંઘ ઉપરના નિર્ણયોને અમલમાં લાવવા, સરકાર, સંસ્થાઓ અને વહીવટદારો સાથે યોગ્ય વાતચીત કરવા, ઉચિત પત્રવ્યવહાર કરવા, જરૂરી જાહેરાતો કરવા અને યોગ્ય શ્રાવકોને બોલાવવા કે મોકલવા વિગેરે કાર્યો માટે—

૧ પૂ. આ. મ. શ્રી વિજયવલ્લભસૂરિજી
૨ પૂ. આ. મ. શ્રી કીર્તિસાગરસૂરિજી
૩ પૂ. આ. મ. શ્રી વિજયમહેન્દ્રસૂરિજી
૪ પૂ. આ. મ. શ્રી વિજયહિમાચલસૂરિજી
૫ પૂ. આ. મ. શ્રી ભુવનતિલકસૂરિજી
૬ પૂ. આ. મ. શ્રી ચંદ્રસાગરસૂરિજીને

સંપૂર્ણ સત્તા આપે છે. અને તેઓ આમાં બીજાં નામો પણ ઉમેરી શકે છે.

સ્થળ
બાબુ પન્નાલાલની ધર્મશાળા
વિ. સં. ૨૦૦૭ વૈ. શુ. ૧૦ બુધ.
તા. ૧૬–૫–૫૧
ભગવાન શ્રી મહાવીર કેવલજ્ઞાન કલ્યાણકઃ

પત્રવ્યવહાર
આચાર્ય મ. શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજ
ઠે. પંજાબી જૈન ધર્મશાલા.
પાલીતાણા (સૌરાષ્ટ્ર).

લી.
શ્રી પાલીતાણા સ્થિત સમસ્ત શ્રમણસંઘવતી આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરિજી મ. ની આજ્ઞાથી પં. સમુદ્રવિજય
આ૦ કીર્તિસાગરસૂરિ દઃ પોતે
આ૦ વિ૦ મહેન્દ્રસૂરિ દઃ પોતે
આ૦ વિ૦ હિમાચલસૂરિ દઃ પોતે
આ૦ વિ૦ ભુવનતિલકસૂરિ દઃ પોતે
આ૦ ચંદ્રસાગરસૂરિ દઃ પોતે

આ નિર્ણયોને અંગે પાલીતાણામાં વિધવિધ સ્થળે બિરાજતા મુનિમહારાજાઓએ હાજર રહી સહકાર આપ્યો છે અને અન્ય સ્થળોએ બિરાજતા આચાર્યાદિ મુનિવરોની સંમતિ મળતી જાય છે.

For Private And Personal Use Only